વીવેકપંથી ૬૫

તંત્રી : ગુલાબ ભેડા
કાર્યાલય : ૨-સી/૧, અસ્મીતા મોગરા, દત્ત જગદંબા માર્ગ, શેરે-પંજાબ કોલોની, અંધેરી (પુર્વ), મુંબઈ-૪૦૦ ૦૯૩.
ફોન : ૨૮ ૩૮ ૮૮ ૯૧

વીવેકબુદ્ધીવાદ પ્રશ્નો ઉકેલવાનું સાધન છે : બીપીન શ્રોફ

૧૮મી જુલાઈએ મુંબઈના વીવેકપંથીઓને અનાયાસ લાભ મળી ગયો 'વૈશ્વીક માનવવાદ'-મહેમદાવાદના વીદ્વાન તંત્રી બીપીન શ્રોફને સાંભળવાનો. ચર્ચાનો વીશય હતો 'ધાર્મીક જીવનપધ્ધતી સામે વૈજ્ઞાનીક અભીગમ'

પ્રથમ માનવવાદની વ્યાખ્યા કરતાં બીપીન શ્રોફે કહ્યું, "માણસ જાતના હીત અર્થે જે કંઈ કરીએ તે માનવવાદ". આગળ ચાલતાં એમણે કહ્યું, "માનવની જગ્યાએ ધર્મ મુકાયો ત્યારથી ધર્મે નક્કી કરેલા ચોકઠામાં જીવન ગોઠવાતું આવ્યું છે. દરેક ધર્મે માણસ પર કાબુ મેળવવાનો જ પ્રયત્ન કર્યો છે. ધર્મ કહે છે, પૃથ્વી સપાટ છે, અનુભવ કહે છે કે ગોળ છે. ધર્મ આધારીત વીચારસરણી વ્યક્તીગત અને સામુહીક રીતે માનવકલ્યાણની પધ્ધતી છે તેમ ઠસાવીને માનવના સ્થાને ધર્મને ગોઠવી દેવામાં આવ્યો છે. ધર્મ એમ શીખવાડે છે કે જીવનચર્યામાં બનતી કોઈપણ ઘટના ધર્મે નક્કી કરેલા ચોકઠાનું જ પરીણામ છે. ધર્મ આધારીત વીચારોમાં પરીવર્તનને કોઈ અવકાશ જ નથી."

"આની સામે માનવાદી વીચાર પધ્ધતી - વૈજ્ઞાનીક વીચાર પધ્ધતી એ સંપુર્ણ વ્યવસ્થા છે. ભગવાન નહી, કુટુંબ નહી, રાજ્ય નહી, એનો માપદંડ માત્ર માનવકલ્યાણ જ છે. માણસ શક્તી ધરાવે છે, કોઈ ગ્રુપ શક્તી ધરાવતું નથી. માણસનું સુખ ભ્રમને નકારે છે. સુખ પ્રાપ્ત કરવું કઈ રીતે ? માણસ અહીં સુધી પહોંચ્યો કઈ રીતે ? માનવનો જન્મ એ તો લાખો વર્શની ઉત્ક્રાંતીનું ફળ છે, એ કોઈ દૈવી પરીણામ નથી. માનવી એ જૈવીક એકમ છે. જીવવા માટેનો સંઘર્શ માનવીય રીતે કરવો છે. કુદરતી પરીબળો સામે અસ્તીત્વ ટકાવી રાખવું છે, જે જૈવીક માનવીય પ્રયત્નોથી જ થઈ શકશે, પાપ-પુણ્યનું કોઈ પરીણામ નથી."

"માનવીય ક્ષેત્ર ઉપર જે સંઘર્શ ઉભો થયો તે સ્વતંત્રતા માટેનો છે. માણસની પ્રાથમીક જરુરત છે

૪૬મું મીત્રમીલન ૧૬મી સપ્ટેમ્બર ને રવીવારે : સાંજે-૪, મુલુન્ડ

પ્રીય મીત્ર,

આપણા વીવેકપંથી જુથનું ૪૬મું મીત્રમીલન નીચે જણાવ્યા વીશય, સમય અને સ્થળ પર રાખ્યું છે.

વીશય : રેશનલીઝમનું તત્ત્વજ્ઞાન

વક્તા : **પ્રા. હર્શા બાડકર** (પરીચય માટે જુઓ પાનું - ૯)

સમય : રવીવાર, તા. ૧૬-૯-૨૦૦૭, સાંજે -૪

સ્થળ : પ્રવીણ વે. શાહ, ૪૧-બી, "ઐશ્વર્યા", ચોથે માળે, મ્યુનીસીપલ સ્કુલ સામે, ગૌશાળા રોડ, મેહુલ સીનેમા પાસે, મુલુન્ડ (પ.), મુંબઈ - ૪૦૦ ૦૮૦.
ફોન : ૩૨ ૬૧ ૯૯ ૩૯ - મોબાઈલ : ૯૩ ૨૪ ૪૪ ૩૩ ૩૨

ચર્ચામાં ભાગ લેવા અને પ્રવીણભાઈનું આતીથ્ય માણવા જરુર સમયસર આવી પુગજો.

સંયોજક : દામજી સાવલા
૨૫ ૬૮ ૪૮ ૯૫ - મો. ૯૯ ૬૭ ૫૦ ૫૧ ૨૫

સ્વતંત્રતા. એની આડે આવતા પરીબળોથી મુક્તી મેળવવી એ પ્રાથમીક સંઘર્શ. અડચણો નીવારવી, કુટુંબ, જ્ઞાતી, રાજ્ય, દેશ માટે ન્યોચ્છાવર થવું એ માનવજીવનનો હેતુ. આ માનવીય પધ્ધતીએ જ થાય., નકારાત્મક વલણથી દુર રહેવું. માનવીય કક્ષાએ જ્ઞાન મેળવીશું તો જ સત્ય લાધશે અને તો જ સ્વતંત્રતા ટકશે."

"જે દેશોએ ધર્મ આધારીત જીવન પધ્ધતી અપનાવી છે તે દેશો અવીકસીત રહ્યા છે. એમની વીચારસરણી જે હજારો વર્શ પહેલાં હતી, તે જ આજે છે. વીકાસ તો જ્ઞાનાધારીત ઈન્દ્રીજન્ય અનુભવથી જ થાય. કુદરતી પરીબળોને સમજવાનો પુરુશાર્થ સતત થતો રહેવો જોઈએ. ઈન્દ્રીજન્ય અનુભવ એ જ રેશનલીઝમ. સ્વાર્થરહીત જ્ઞાનપ્રાપ્તી માત્ર માણસ જ કરી શકે, એ માનવાધીકાર જ છે. વૈચારીક પ્રક્રીયા એ જૈવીક ક્રાંતીનું પરીણામ છે, દૈવી નહીં."

"વીવેકબુધ્ધીવાદે અંધશ્રધ્ધા નાબુદી, ચમત્કાર ચકાસણી, પર્દાફાસ જેવી પ્રવૃત્તીઓથી આગળ જઈને માનવી તરીકેનું અસ્તીત્વ ટકાવવા વીવેકબુધ્ધી અનુસાર આગળ વધવું જોઈએ. ભગવાનનો વીરોધ કરતા રહેવાને બદલે માનવીની જ વાતો કરવી જોઈએ."

"વીવેકબુદ્ધીવાદ માનવીના પ્રશ્નો સમજવાનું જ એક સાધન છે. એટલું અહર્નીશ યાદ રહે કે સર્વોપરી માણસ જ છે."

૨૦ મીત્રોની હાજરીવાળા આ ૪પમા મીત્રમીલનમાં ઉપસ્થીત સભ્યોએ ઘણા વેધક પ્રશ્નો પુછયા હતા, જેના વક્તાએ તેટલા જ વેધક ઉત્તરો વાળ્યા હતા. 'પ્રશ્ન એ પ્રવચન નથી' એ સીધ્ધાંત અહીં બરાબર પળાયો હતો.

આર્કીટેક્ટ મીત્ર મનોજ દુબલ તથા પરેશ તન્નાના વીલેપાર્લે ખાતેના કાર્યાલયમાં યોજાયેલા આ મીત્રમીલનનું આતીથ્ય પુર્ણાહાર સાથે સંયોજક દામજી સાવલાએ કર્યું હતું અને પ્રારંભીક આવકાર પણ એમણે જ આપ્યો હતો.

સભાસંચાલક ગુલાબ ભેડાએ વક્તાનો પરીચય આપતાં એમની સાથે આવેલાં પત્ની જ્યોતીબેનને પણ આવકાર્યા હતાં. એમણે આ દંપતીને ઘર ફુંકીને તરીથ કરનાર દંપતી ગણાવેલ હતું.

[ટીવીના કસબી–કલાકાર નરેન્દ્ર મસરાણીએ ડીજીટલ વોઈસ રેકોર્ડ પર કરેલા રેકોર્ડીંગના આધારે]

卐

જીનેટીકસ (જનીનશાસ્ત્ર)

માણસોનો મુળભુત બાંધો મા–બાપના રંગસુત્રોમાંથી ઘડાય છે. જીનેટીકસ, (જનીનશાસ્ત્ર)નો ઉંડો અભ્યાસ કરતાં સમજાય છે કે સંતાનના જીન્સમાં માતા અને પીતા જ નહી, તેમની દુરસુદુરની પેઢીઓમાંથી એટએટલાં લક્ષણો ઉતરી આવે છે કે ક્યાંથી, શું ઉતર્યું એ પુરેપુરું માપવું લગભગ અશક્ય છે. માણસમાં ઉતરતા જ્ઞાતીગત લક્ષણોનો પણ કોઈ ક્યાસ કાઢી શકાય તેમ નથી.

વીજ્ઞાન ત્યાં સુધી કહે છે કે ટ્રીપ્ટોફાન નામના એમીનો એસીડની ઉણપને કારણે માણસ ફરેલ મગજનો બની શકે છે. કબજીયાત જેવી સાદી તકલીફ પણ માણસને ચીડીયો બનાવી શકે છે.

ફીરોઝ ગાંધી જેવા ખેલદીલ રાજકરણી ક્યાં?

લોકસભાની ચુંટણી લડવામાં (ઈન્દીરાપતી) ફીરોઝ ગાંધી સામે સમાજવાદી નેતા શાલીગ્રામ જયસ્વાલ હતા, જેમની પાસે ચુંટણી લડવા માટેની રુ.૨૫૦ની ડીપોઝીટની પણ જોગવાઈ નહોતી એ જાણીને ફીરોઝ ગાંધીએ સામે ચાલીને એ રકમ આપી હતી.

ફીરોઝ પોતાના પ્રચાર માટે જીપોનાં કાફલા સાથે ફરે, પેલો મુફલીસ શાલીગ્રામ પ્રચાર માટે પગપાળા ફરે. એક દીવસ રસ્તામાં બંને ભેગા થઈ ગયા. શાલીગ્રામે ફીરોઝને કહ્યું, "રાવણ રથ પર ચડીને યુધ્ધ લડતો હતો અને રામ પગ પર ઉભા રહીને." ફીરોઝ આ સાંભળીને હસી પડ્યા અને શાલીગ્રામ માટે જીપની વ્યવસ્થા કરી આપી.

શાલીગ્રામે ચુંટણી હારી ગયા બાદ કહ્યું, "હું હારી ગયો તેનું ચોક્કસ દુખ છે, પણ જો જીતી ગયો હોત તો એક અતી સજ્જનને હરાવવાનું દુખ ઘણું વધુ હોત."

આવા ખેલદીલ રાજકરણી હવે ક્યાં જડવાના..... **વીનોદ ભટ્ટ** (દીવ્ય ભાસ્કર તા. ૨૨–૭)

ભારતમાં તપસ્યા, યોગ અને દેહદમન

– ધવલ મહેતા

ભારત વહેમો, અંધશ્રધ્ધાઓ અને ચમત્કારોનો દેશ છે. મોટા ભાગના વહેમો અને ચમત્કારો હજારો વર્શો જુના છે અને હીંદુ ધર્મના પવીત્ર મનાતા ગ્રંથોએ તથા સાધુસંતોએ ઉભા કરેલા છે. ગીતામાં કૃશ્ણ અર્જુનને વીશ્વરુપદર્શન કરાવે છે તે એક ચમત્કાર છે. રામાયણ, મહાભારત તથા પુરાણો ચમત્કારોથી ભરપુર છે. લોકોની અંધશ્રધ્ધા પાછળ આવા ધર્મગ્રંથોમાં વર્ણવાયેલા ચમત્કારો છે. યુરોપમાં આજથી ત્રણસો કે ચારસો વર્શ પહેલાં વૈજ્ઞાનીક યુગનો આરંભ થયો તે પહેલાં ત્યાં પણ ઘણી અવૈજ્ઞાનીક માન્યતાઓ હતી. પરંતુ ત્યાં વીજ્ઞાનનો જનસામાન્યમાં પ્રસાર થતાં ઘણી અંધશ્રધ્ધાઓ નાબુદ થઈ છે. ત્યાં ધર્મગુરુઓ સામે પ્રચંડ વીરોધો થયા અને પોપની સત્તા પડકારાઈ.

આપણા દેશના સામાન્ય જનસમાજમાં અને ખાસ કરીને ગ્રામ્યભારતમાં વીજ્ઞાનના મુલ્યોનો પ્રસાર થયો નથી, તેથી કુદરતના પરીબળોની યોગ્ય સમજ ખીલી નથી. ઘણા રોગો સુક્ષ્માણુઓ અને વીશાણુઓને કારણે થાય છે તેવી જર્મ થીયરી પણ ભારતના સામાન્ય જનમાં પ્રસરી નથી તેથી રોગો ઝડપથી ફેલાતા જાય છે અને કાબુમાં આવતા નથી. આપણે ત્યાં ધર્મ સામે પ્રચંડ આંદોલનો થયા નથી. ઉલટાનું રાજકીય પક્ષો ધર્મોને ઉત્તેજન આપે છે. મોટાભાગના કલાકારો (અમીતાભ બચ્ચન જેવા) તથા રાજકારણીઓ અંધશ્રધ્ધાથી ભરપુર છે. તેઓ ભારતના કરોડો લોકોને પુશ્કળ ખરાબ રોલ મોડેલ પુરું પાડે છે.

વીજ્ઞાન અને કાર્યકારણનો સંબંધ : કુદરતના પરીબળોને સમજવા અને કાબુમાં લેવા વીજ્ઞાનની પધ્ધતીઓ (નીરીક્ષણ, પરીક્ષણ, સાબીતી, ચકાસણી વગેરે) જાદુ કે ધર્મ કરતાં વધુ ફળદાયી નીવડી છે. વીજ્ઞાન અને ટેકનોલોજી એક નથી. ઘણા લોકો ટેકનોલોજીના દોશો વીજ્ઞાનને માથે ઢોળી દે છે. આ અંગે વીનોબા લખે છે, "વીજ્ઞાન એટલે સૃશ્ટીનું જ્ઞાન. વીજ્ઞાન પણ એક સ્વચ્છ, શુધ્ધ વીચાર છે અને આપણને શરીર, સૃશ્ટી આદીનું જ્ઞાન પ્રાપ્ત કરી આપે છે. આજે લોકોના મનમાં એક એવું સમીકરણ ઘર કરી ગયું છે કે વીજ્ઞાન એટલે યંત્રીકરણ. પરંતુ આ સાવ ખોટું છે. અસલમાં વીજ્ઞાનનો યંત્રીકરણ સાથે કોઈ સંબંધ નથી." (ભુમીપુત્ર ૧૬–૮–૨૦૦૧). પરંતુ આમ લખ્યા પછી વીનોબા વીજ્ઞાનના નીયમોનો નહી, પરંતુ ધ્યાનનો અને દાનનો મહીમા ગાય છે. તેઓ ચીત્તની એકાગ્રતા અને મુર્તીપુજા અને નામસ્મરણ (મંત્રો)ની હીમાયત કરે છે. આ વલણ વીરોધાભાસી છે.

વીજ્ઞાન: વીજ્ઞાને જગતમાં ચમત્કારો સર્જ્યા છે. ધર્મે જેની કલ્પના પણ ન હતી કરી તેવા ચમત્કારો સર્જાયા છે. પરંતુ આ ચમત્કારો સર્જવા વીજ્ઞાને ખાસ ભાર સૃશ્ટીના અવલોકન અને તેને લગતા નીયમો શોધવા પર આપ્યો છે. ધર્મ, આત્મજ્ઞાન, કે આધ્યાત્મની તેમાં વાત નથી આવતી. વીજ્ઞાન કાર્યકારણની શૃંખલા સ્થાપવા પ્રયત્ન કરે છે જ્યારે અવૈજ્ઞાનીક માન્યતાઓ કથનોકથન, સ્વાનુભાવો, આકસ્મીક અવલોકનો કે બેબુનીયાદ કલ્પનાઓ પર આધાર રાખે છે. વીજ્ઞાનમાં કશું અંતીમ નથી, જ્યારે ધર્મમાં બધું અંતીમ છે.

ગીતામાં બાઈબલમાં કે કુરાનમાં કાનોમાત્રનો પણ ફેર ના થઈ શકે. આ અંગે વીનોબા કહે છે, "વીજ્ઞાનીઓ હંમેશાં વીનમ્રપણે કહે છે કે વીજ્ઞાન ક્યારેય પરીપુર્ણ હોતું નથી. તેઓ કહે છે કે અમારી પ્રગતી બહુ જ અલ્પ, સમુદ્રમાં બીંદુ સમાન છે. ભલેને એમણે સ્પુતનીક છોડયો હોય કે ચંદ્ર પર પગ મુક્યો હોય, તેમ છતાં વીજ્ઞાનીઓ એમ જ કહેશે કે સૃશ્ટીનું જ્ઞાન અનંત છે અને તેમાંનો એક અંશમાત્ર જ હજી અમારા હાથમાં આવ્યો છે. આનાથી સાવ વીપરીત ભુમીકા અધ્યાત્મના ક્ષેત્રમાં લેવાઈ રહી છે." (ભુમીપુત્ર ૧૬–૭–૨૦૦૧).

ટુંકમાં તે પોતે અપુર્ણ હોવાનો દાવો કરે છે અને જે એમ કહે છે કે અમારા શોધેલા કુદરતના સીધ્ધાંતો કામચલાઉ છે, તેણે (વીજ્ઞાને) દુનીયાને ધડમુળથી બદલી નાખી છે તે જ એક મોટો ચમત્કાર છે. આધ્યાત્મે આવું કશું કરેલું જણાતું નથી. છતાં વીનોબા આધ્યાત્મના પરમ ઉપાસક હતા. વીજ્ઞાનની શોધોએ માનવીનું સરાસરી આયુશ્ય ઘણું વધારી આપ્યું તેવું પણ આધ્યાત્મે કરેલું જણાતું નથી. એમ.એન. રોયના મત મુજબ ભારતના આધ્યાત્મીક ખેરખાંઓ પ્રારબ્ધવાદમાં માને છે અને કર્મના સીધ્ધાંતને અનુસરે છે. તેઓ સમાજને પાછો લઈ જવા માંગે છે. તેઓ ભારતના માની લીધેલા "ભવ્ય" ભુતકાળને સજીવન કરવા માંગે છે. ગાંધીજી ભારતમાં રામરાજ્ય લાવવા માંગતા હતા. રામરાજ્યમાં રાજાશાહી હતી, લોકશાહી નહી.

રાજકીય પક્ષો ધર્મોને ઉત્તેજન આપે છે, મોટા ભાગના કલાકારો – અમીતાભ બચ્ચન જેવા તથા રાજકારણીઓ અંધશ્રધ્ધાથી ભરપુર છે.

શ્રધ્ધા અને અંધશ્રધ્ધા : મોટા ભાગની અંધશ્રધ્ધા તથા વહેમોના પાયામાં શ્રધ્ધાનું તત્ત્વ હોય છે. જ્યારે વીજ્ઞાનનો પાયો શ્રધ્ધા નહી, પરંતુ બુધ્ધી કે તર્ક (લોજીક) છે. શ્રધ્ધામાં વાદવીવાદને સ્થાન નથી, જ્યારે વીજ્ઞાનનો દરેક નીયમ હકીકતો દ્વારા ચકાસાયેલો હોય છે. જો હકીકત વૈજ્ઞાનીક સીધ્ધાંતના માળખામાં બંધ ના બેસે તો તે સીધ્ધાંતને બદલવો પડે. દરેક વૈજ્ઞાનીક સીધ્ધાંત આમ કામચલાઉ કે હંગામી હોય છે અને તેમ છતાં તે દુનીયાને બદલી નાંખે છે. અંધશ્રધ્ધા કે વહેમોની માફક વીજ્ઞાન પણ માનવ મગજની પેદાશ છે. પરંતુ માનવ ઈતીહાસમાં હવે વીજ્ઞાનનું મહત્ત્વ વધતું જાય છે. વૈજ્ઞાનીક સીધ્ધી મેળવવા આત્મનીરીક્ષણ, સંયમ, મૌન, યોગા, બ્રહ્મચર્ય, ઉપવાસ વગેરે જરૂરી નથી. પરંતુ કુદરતના તત્ત્વોનું નીરીક્ષણ અને પરીક્ષણ જરૂરી છે.

ઉપવાસ, મૌન, બ્રહ્મચર્ય કે એકાદશી વીજ્ઞાનની આડે આવતાં પરીબળો (અવરોધો) છે. આ બધી ટેકનીકો (ઉપવાસ, બ્રહ્મચર્ય વગેરે)માં સ્વપીડનનું તત્ત્વ જણાય છે. પશ્ચીમના ભૌતીકવાદની સરખામણીમાં ભારતનો અધ્યાત્વાદ વધુ ચઢીયાતો છે તેવી મીથ્યા વીચારસણીમાં આપણે રાચીએ છીએ. ઈન્દ્રીયોથી અનુભવાતો અનુભવ જગત મનુશ્યના મનની કેવળ કાલ્પનીક પેદાશ છે તેમ માનીને આપણે ભૌતીક જગતને અવગણીએ છીએ. આપણે આધ્યાત્મીક બાબતોમાં જગતના ગુરુ છીએ એવા મીથ્યાભીમાનમાં રાચીએ છીએ. જગતને આપણાં આધ્યાત્મની કાંઈ પડી નથી. કારણ કે તે જાણે છે કે ભારતમાં વ્યક્તીગત ધોરણે અને સામુહીક ધોરણે (કોમી હુલ્લડો) પારાવાર હીંસા થાય છે. વળી પશ્ચીમી જગત ભોગવાદી છે અને અમે યોગવાદી છીએ એમ માનીને ગાંધીવાદીઓ ગૌરવ અનુભવે છે!!

ભારતમાં ચમત્કારો અને જાદુ સમજવા માટે હીંદુઓના માનસમાં દૃઢ થઈ ગયેલો તપસ્યાનો વીચાર સમજી લેવો જરૂરી છે. તપસ એટલે તાપ. તપસ્યાનો ખ્યાલ એમ જણાવે છે કે ભગવાન પાસેથી વરદાન મેળવવા માટે દેહને જેમ બને તેમ વધુ કશ્ટ આપવું. ભગવાન ત્યારે જ રીઝે કે જ્યારે તપ કરનાર સાંસારીક સુખોનો ત્યાગ કરે, ઈન્દ્રીયો દ્વારા મળતા આનંદને ત્યજે અને ટાઢ, તડકો, વરસાદ, વીજળી, ઝેરી, જીવજંતુ વગેરેને ગણકાર્યા વીના શરીરને યંત્રણા આપે. તપસ્યાનો હેતુ સત્તા કે શક્તી મેળવવાનો હોય છે. આમાં કશું આધ્યાત્મીક કે પવીત્ર તત્ત્વ જણાતું નથી, શરીરના પીડનથી (ઉપવાસ, બ્રહ્મચર્ય, શરીરે યંત્રણા આપવી

બ્રહ્મચર્ય માનવ મગજને વીકૃત કરી નાખે છે.

નેલ્સન મેન્ડેલા અને માર્ટીનલ્યુથર કીંગ જેવા જગતના નેતાઓએ ગાંધીજીના સત્યાગ્રહ કે અસહકારની ચળવળનો ઉપયોગ કર્યો છે, પરંતુ તેમની ઉપવાસ, બ્રહ્મચર્ય કે દેહદમનની ટેકનીકો અપનાવી નથી.

વગેરેથી) કોઈ દૈવી શક્તી મેળવી શકાય છે એ એક મોટું જુઠાણું છે. ગાંધીજી ઉપવાસમાં પરમશક્તી છે તેમ માનતા હતા. આ એક હઠ યોગ છે.

વીશ્વામીત્ર ક્ષત્રીય રુશી હતા અને બ્રાહ્મણ વશીશ્ઠ રુશીએ એમને હાર આપી તેથી વીશ્વામીત્રે બ્રાહ્મણ બનવા હજારો વર્શો સુધી તપસ્યા કરી. ધોધમાર વરસાદમાં એક હાથ ઉચો રાખી જરા પણ હાલ્યા ચાલ્યા વીના લાકડાના થાંભલા જેવા સ્થીર ઉભા રહ્યા. શીયાળાની કડકડતી ઠંડીમાં નદીના બરફ જેવા પાણીમાં તપ કર્યું. છેલ્લા હજાર વર્શ તેમણે ઉપવાસ કર્યા અને સંપુર્ણ મૌન પાળ્યું. કામ, ક્રોધ, મોહ વગેરેનો નાશ કર્યો. વીશ્વામીત્રે કેમ તપ કર્યું હતું ? ક્ષત્રીયમાંથી બ્રાહ્મણ થવા.

આ વાત એમ દર્શાવે છે કે ભારતની જ્ઞાતીપ્રથા કેટલી લોખંડી હતી કે એક જ્ઞાતીમાંથી બીજી જ્ઞાતીમાં જવા આટલું તપ કરવું પડે ? અર્જુને પણ શસ્ત્રો મેળવવા શંકર પાસે કઠીન તપ કર્યું હતું. ધ્રુવની કઠીન તપસ્યાથી દરેક હીંદુ પરીચીત છે. તપસ્યાનો હેતુ આધ્યાત્મીક નથી. તેનો હેતુ બાહ્યજગતમાં રહેલી કોઈ ઈચ્છીત વસ્તુ (સત્તા, શસ્ત્રો, ઈચ્છીત પતી વગેરે) પ્રાપ્ત કરવાનો હોય છે. આ માટે શરીરને ઘોર દુ:ખ આપવું પડે. અન્નજળનો પણ ત્યાગ કરવો પડે. બ્રહ્મચર્ય પણ પાળવું પડે. તો જ કાંઈક પ્રાપ્ત થાય. આ વાત ખરી માનીને કરોડો હીંદુ સ્ત્રી જાતજાતના અને ભાતભાતના પ્રસંગોએ ઉપવાસ કરે છે. કડવા ચોથ વખતે પોતાના પતીનું આયુશ્ય વધારવા ઉપવાસ કરવાની શી જરુર છે? આ એક અંધશ્રધ્ધા કે વહેમ છે.

ગાંધીજી ઉપવાસ અને બ્રહ્મચર્યનો રાજકીય ક્ષેત્રે સફળતાથી ઉપયોગ કરી શક્યા તેની પાછળ ભારતની હજારો વર્શ જુની હીંદુ પરંપરામાં છુપાયેલી જુઠી માન્યતા છે કે ઉપવાસ, બ્રહ્મચર્ય કે અન્ય પ્રકારના દેહદમનથી અલૌકીક સત્તા પ્રાપ્ત થાય છે. જગતના અન્ય નેતાઓ (નેલ્સન મંડેલા તથા માર્ટીનલ્યુથર કીંગ વગેરે)એ ગાંધીજીની સત્યાગ્રહ કે અસહકારની ચળવળ વગેરેનો ઉપયોગ કર્યો છે, પરંતુ તેમણે ઉપવાસ કે બ્રહ્મચર્ય કે દેહદમનની ટેકનીકો અપનાવી નથી.

(વધુ આવતા અંકે)

નવેમ્બર ૨૦૦૫ના 'વીવેકપંથી'માં પ્રગટ થયેલા – લેખકે જાતે મોકલેલા – મનનીય લેખનો મહદ્ ભાગ અહીં તેમની સ્મૃતી અર્થે પુનઃ પ્રકાશીત છે.

નાસ્તીકની તપસ્યા

– અનીલ શાહ

૧૮ ઓકાટોબર ૧૯૬૧ના એક ગંભીર રેલ્વે અકસ્માતમાંથી ૧૨ વર્ષની પુત્રી પલ્લવી અને ૭ વર્ષનો પુત્ર આશીશ ઉગરી ગયા તેને **ઈશ્વરની કૃપા અને પ્રાર્થનાનું પરીણામ** ગણતા લેખક વર્શો પછી ધાર્મીક અને આધીભૌતીક માન્યતાથી વીમુખ થાય છે.

શાને પ્રાર્થું ?

વર્શો વીતે છે તેમ ધાર્મીક અને આધીભૌતીક માન્યતાઓથી વીમુખ થઈ રહ્યો છું. જે કાંઈ કાર્ય કારણના તર્કથી ન સમાજાય તેનો અસ્વીકાર કરવા તરફ જઈ રહ્યો છું. કોઈ બનાવનાં કારણો અત્યારે ન સમજાય તો એ પરમતત્ત્વનું સંચાલન છે, એમ હવે મન સ્વીકારતું નથી. હાલ કારણ સમજાતું ના હોય તો ખોજ ચાલુ રાખવાની. 'પરમતત્ત્વ'નો આશરો લઈ છટકવું નહીં એવી વીચારસરણી સાથે પ્રાર્થના હવે નીરર્થક લાગે છે. ૧૯૯૬માં એ મંથનને શબ્દસ્થ કરવા પ્રયત્ન કરું છું.

સત્કર્મ બચાવે ?

પરમતત્ત્વ જેવી જ દુર્બળ મનની અન્ય માન્યતા કર્મના સીધ્ધાંત વીશેની – જે કાંઈ બને છે તે કર્મના ફળ છે. આ જન્મે દુશ્કર્મ કર્યા ન હોય તો પણ દુઃખ આવે તો ગયા જન્મનાં કર્મનાં ફળનો પ્રતાપ ! ૨૦૦૦ની સાલમાં કાર અકસ્માત થયો. ટાયર ફાટયું, ગાડી ઉથલીને ઉડા ખાડામાં પડી. બેવાર પલટી ખાધી. માંડ બહાર કાઢયો. લોહીની ઉલટી. બધી તપાસ પછી નક્કી થયું કે બ્રેઈન હેમરેજ નથી. ચાલો, બચ્યા. મનુભાઈ પંચોળી કહે 'તું સારું કામ કરે છે તેનાં ફળ'. બીજા મીત્રો પણ મારા કામને જશ આપે. સાંભળવું ગમે, પણ કારના ટાયરનું ફાટવું, કાર ઉથલી પડવી, પલટી ખાવી, કાર દબાઈ જાય, હું બચી જાઉં – દેખીતી રીતે અકસ્માત જ અકસ્માત. એમાં સત્કર્મને શી લેવાદેવા ?

કહેનારની લાગણી દુભાવવાનું મન ન થાય. છતાં વીવેક સાથે પુછું : ખરે જ ? તો પછી ઘણું વધારે સારું કામ કરનાર વીઠુભાઈ પટેલ અને વજુભાઈ મહેતા કાર અકસ્માતમાં કેમ ન બચ્યા ? જવાબની આશા રાખીએ તો પુર્વજન્મનાં કર્મની વાત સાંભળવી પડે.

ખરી કસોટી

સંતાપ સમયે પ્રાર્થના ન કરવાના પુરુશાર્થની ખરી કસોટી આવી ૨૦૦૧ની સાલમાં. પત્ની ઈન્દુની છાતીમાં ગાંઠ છે. ઓપરેશન કરી તેનો નમુનો બાયોપ્સી માટે લેબોરેટરીમાં મોકલ્યો છે. ચીત્તમાં ઘમાસાણ ચાલે છે. કેન્સર નીકળે તો ? ભર્યુંભાદર્યું જીવન વેરવીખેર થઈ જાય. લેબોરેટરીનો અહેવાલ થોડી મીનીટોમાં આવશે. ચીત્તમાં કરવત ચાલે છે. પરમતત્ત્વની સહાય માટે પ્રાર્થના કરવાની તીવ્ર ઈચ્છા થઈ આવે છે. મનને સમજાવું છું. જે નમુનો તપાસ માટે ગયો છે, તેમાં જે કાંઈ છે તેમાં પ્રાર્થનાથી તલભાર ફેરફાર નહીં થઈ શકે. ચીત્તને શાંત–સ્વસ્થ કરવા પ્રયત્ન કરું છું. જે કાંઈ બનવાનું છે તે બની જ ગયું છે. હવે તો જે કાંઈ પરીણામ આવે તેને સ્વીકારવું જ પડશે. પ્રાર્થનાની છટકબારીથી પરીસ્થીતી

મૃત્યુ પુર્વે મુક્ત થયા

નીવૃત આઈ.એ.એસ. અનીલ શાહ તા. ૧૨–૪–૦૭ના રોજ અવસાન પામ્યાથી રેશનલીસ્ટ જગતને જબરી ખોટ પડી છે.

તેઓ ઝવેરચંદ મેઘાણીના જમાઈ હતા. ભારતીય સનદી સેવાના નીવૃત અધીકારી હતા.

કારકીર્દીની શરુઆત એમણે ઢેબરભાઈના સચીવ તરીકે કરી હતી. નીવૃત્તી પછી ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર નામની સ્વૈચ્છીક સંસ્થા સ્થાપી જળ સંચય અને જળ વીતરણ ક્ષેત્રે સુંદર કામગીરી કરી.

એ પ્રવૃત્તી પણ અન્યોને સોંપી મૃત્યુ પુર્વે જ મુક્ત થઈ ગયા હતા.

– ડંકેશ ઓઝા

નહીં બદલાય. જે કાંઈ બની રહ્યું છે એ સન્મુખ છે. બીજેથી મદદ માગવાથી કોઈ ફેર નથી પડવાનો. ચીત્તતંત્રને પ્રાર્થના કરતું રોકવા ગડમથલ ચાલી રહી છે, ત્યાં લેબોરેટરીનો અહેવાલ આવે છે. 'મેલીગનન્ટ' – કેન્સર છે. હવે પુરું ઓપરેશન. હવે જીવનમાં નવી પરીસ્થીતીનો સામનો કરવાનો; પણ પ્રાર્થના ન કરી માટે આવું થયું તેમ તો ન જ વીચાર્યું, દુઃસહ કશ્ટ વેઠીને પણ ન સ્વીકાર્યું.

બંને કેન્સરની અસરવાળાં; પત્નીમાં એ ફેલાય નહી અને મારામાં વૃદ્ધી ના પામે તેની જ તપાસ રાખવાની : પ્રાર્થનાથી મનને તંદ્રામાં રાખવાનો પ્રયત્ન તો નહી જ

ફરી કસોટી

એક વર્શ પુરું થયું. ૨૦૦૨માં ઈન્દુના શરીરમાં કેન્સર ફેલાયું નથી એની વાર્શીક તપાસ. લીવરમાં ડાઘ. બાયોપ્સી. લેબોરેટરીમાં નમુનો આપેલ તેનો અહેવાલ લેવા જાઉં છું. શું નીકળશે ? અપાર વીહવળતા. ચીત્તમાં શારડી ફરી રહી છે. કોનો સહારો ? પ્રાર્થના નહીં જ કરું. જે છે તે છે જ. દુઃખ હશે તો હશે જ. ૫૦ વર્શના ભર્યાભર્યા દાંપત્યને વીદારી નાખતો અહેવાલ આવશે ? તો ભલે તેમ હો. અમારા સાહચર્યનું જે ઉત્તમ છે તેને શબ્દોમાં ગોઠવવા પ્રયત્ન કરીને નઠારા વીચારોને ચીત્તની બહાર રોકવા કરું છું :

પ્રાર્થના ન કરી. પરીણામમાં ફેર ન પડયો. કેન્સર લીવરમાં ફેલાયું નથી. હાશ, જીવનનું વસ્ત્ર લીરા થતું બચ્યું. પરમતત્વ થકી નહીં, પણ એમ જ થવાનું હતું.

પ્રાર્થનાવૃત્તી પર કાબુ

આવી બે કપરી કસોટીમાંથી પસાર થયા પછી પ્રાર્થનાવૃત્તી ખાળવાની આત્મશ્રદ્ધા વધી. પ્રોસ્ટેટનું ઓપરેશન જુન ૨૦૦૨માં કરાવેલું. એ વખતે બાયોપ્સી કરાવેલી. કેન્સરની અસર ન હતી. દોઢ વર્શ પછી નવેમ્બર–ડીસેમ્બર, ૨૦૦૩માં ફરી તકલીફ શરુ થઈ. PSA તપાસમાં ૪–૫ કાઉન્ટને બદલે ૧૧૮. ફરી તપાસ, ૧૧૫. હવે ગંભીર પરીસ્થીતીની શક્યતા. કેન્સર હોઈ શકે. બોન સ્કેનીંગ કરાવવાનું આવશ્યક. ઈન્જેક્શનથી ન્યુક્લીયર ફ્લુઈડ શરીરમાં દાખલ કર્યું. ત્રણ કલાક પછી આધુનીક મશીન પર સ્કેનીંગ કરવાનું. કેન્સર ફેલાયું હોય તો સ્કેનીંગ પ્લેઈટમાં હાડકાના આકારમાં તેના ડાઘ ઉપસે. ત્રણ કલાક અગત્યની બે મીટીંગોમાં ગાળ્યા.

પ્રવાહી શરીરમાં ફેલાઈ રહ્યું હતું. જે મારું બાકીની જીંદગીનું સ્વરુપ નક્કી કરવાનું છે. પ્રવાહી ભલેને ફરતું; એ એનું કામ કરે હું મારું: એ વીશે કોઈને જણાવવાની શી જરૂર ? નીયત સમયે સ્કેનીંગ માટે પહોંચ્યો. મશીન પર સુવાડયો. મશીને તપાસ ચાલુ કરી. અર્ધી કલાકમાં ફેંસલો. ત્યાં સુધી મનને શેમાં રોકું? પ્રાર્થના તો કરવી નથી. જે થવાનું છે તે શરીરમાં મોજુદ છે, પણ પ્રાર્થનાની મંગળ ભાવનાને સ્થાને મનમાં સમાધાનકારી ચેતના કેમ કરી પ્રગટાવવી ? મારી વાંછનાને શબ્દબદ્ધ કરેલો મંત્ર યાદ કર્યો

"રહ્યાં વર્શો તેમાં,
સેવું નીશદીન સ્નેહ, સૌંદર્ય, મુદીતા ઉમંગે"

હાડમાં કેન્સર પહોંચ્યાનું નીદાન થયું. પ્રાર્થના કરી હોત તો પણ એ જ આવવાનું હતું. નીશ્ચીત હતું, પણ સ્નેહ, સૌંદર્ય, મુદીતા (આનંદ) ઉમંગના ભાવનું સેવન કર્યું તેથી પ્રસન્નતા રહી.

ફરી ઓપરેશન ટેબલ પર. સીદ્ધહસ્ત સર્જન પાર પાડશે જ. તેમના કૌશલને મારી પ્રાર્થનાની જરુર નથી. એ એમનું કામ કરે. મન ચાલ, આપણને ગમતી ભાવનાનું મનન કરીએ – સ્નેહ સૌંદર્ય... થોડી ઘેનની અસર. ઓપરેશન સફળ.

ઝીંક ઝીલાશે ?

બંને કેન્સરની અસરવાળાં. પત્નીમાં એ ફેલાય નહીં તેની તપાસ રાખવાની. મારામાં જેટલું ફેલાયું છે તે વૃદ્ધી ન પામે, વધારે ફેલાય નહીં તેની તપાસ. દવા કરવાની કરીશું. જે કાંઈ કરવા જેવું છે તે કરીશું. વીજ્ઞાનની પ્રગતીનો પુરો લાભ લઈશું. તેની મર્યાદા સ્વીકારી જે થવાનું હશે તે થતું જોઈશું. પ્રાર્થનાથી મનને તંદ્રામાં રાખવા પ્રયત્ન નહીં જ કરું એવો હવે વીશ્વાસ બંધાઈ ગયો છે.

વ્યગ્રતા વધશે ત્યારે સ્નેહ–મુદીતાને તાજાં કરી ઉમંગમાં રહેવા પ્રયત્ન કરીશ. આકરું છે. મારી ચીંતા ખાસ નથી થતી, પત્નીની થાય છે. એની પીડા સહન કરવાની શક્તી સીમીત. એથી હું વ્યગ્ર બનું. મનમાં કરવત ચાલે. ભલે, પણ 'પરમતત્ત્વ'ને શરણે નહીં જાઉં. આકરું છે, તપસ્યા જેવું. રહ્યાં વર્શો તેમાં વધારે આકરી કસોટીઓ આવવાની. કરવત અને શારડી વધારે તીવ્રતાથી ચાલવાની. જોઈએ કેટલી ઝીંક ઝીલું છું.

બરાબર એક વર્શ થયું : 'વીવેકપંથી'ના વીકાસ માટેની વાર્શીક રુ. ૧૨૦૦ની યોજનામાં અનીલ શાહે સામે ચાલીને ૧૨૦૦નો ચેક મોકલી આપ્યો હતો.

રુપાલની પલ્લી માટે પણ એ ઘણા ચીંતીત હતા. કંઈક આયોજનબદ્ધ કાર્યક્રમ થાય તેમ એ ઈચ્છતા હતા. – તંત્રી

ગુજરાતના રેશનલીસ્ટો પણ આ પ્રશ્નને સરકાર સાથે ગંભીરતાથી ઉપાડી લે એ અપેક્ષા વધુ પડતી નહી ગણાય. આ માટેની ઘોશણા ૨૪–૨૫ નવેમ્બરે પાલનપુર ખાતે ભરાનાર અધીવેશનમાં થવી ઘટે. – લેખક

મહારાશ્ટ્ર અઘોરી વ્યવસાય પ્રતીબંધ વીધેયક

– ભગવાનજી રૈચાણી

આપણી કેન્દ્ર સરકાર હોય કે રાજ્ય સરકારો, વીધેયકોના મુસદ્દાઓ (બીલ્સ) બને, એ કાયદા ઘડનારા વીધાયકોને– એટલે કે લોકસભા–રાજ્યસભાના સભ્યો, ધારાસભ્યો કે વીધાન પરીશદના સભ્યોને આગોતરા અભ્યાસ માટે મોકલવામાં આવે પછી એ સંસદ, ધારાસભા કે વીધાન પરીશદ (વીધાન પરીશદ કેટલાંક રાજ્યોમાં છે, કેટલાંકમાં નથી જેને ઉપલું ગૃહ કહેવાય, જે ગુજરાતમાં નથી. ત્યાં માત્ર નીચલું ગૃહ એટલે કે ધારાસભા જ છે તે)માં ચર્ચા માટે મુકાય એમાં પ્રસ્તુત થયેલ વાંધાવચકા–સુચનો જો સ્વીકારાય તો સુધારીત આવૃત્તીમાં એમને આમેજ કરીને બીલ રાજ્યસભા અગર વીધાનપરીશદમાં પસાર કરવા માટે મોકલાય. ત્યાં પણ જો સુધારા સુચવાય તો એને ફરી લોકસભા કે ધારાસભામાં એ સુધારા સાથે મોકલાય. ત્યાં એ સુધારા સ્વીકારાય અથવા ન પણ સ્વીકારાય, પણ એ બીલ જ્યારે પાછું ઉપલા ગૃહમાં મંજુરી માટે જાય ત્યારે એણે એને ફરજીયાત મંજુર થયેલું ગણવું પડે. એ પહેલાં એને ગેઝેટમાં નોટીફાય કરાવવું પડે. અમુક બાબતોમાં પ્રજાનો અભીપ્રાય જાણવા માટે એ નોટીફીકેશનની જાહેરખબર વર્તમાનપત્રોમાં છપાવવામાં આવે અને નાગરીકોનાં સલાહસુચનો પણ મંગાવાય. ઉપલા ગૃહમાં મોકલાયેલ બીલમાં નીચલા ગૃહે સ્વીકારીને આમેજ કરેલ સલાહસુચનોનો સમાવેશ થઈ ગયો હોય.

ઉપલા ગૃહની ઔપચારીક મંજુરી મળ્યા બાદ એ અંતીમ મુસદ્દાને રાશ્ટ્રપતી અથવા ગવર્નર– જે લાગુ પડે તેને મંજુરીની મહોર મેળવવા માટે મોકલવું પડે. રાશ્ટ્રપતી કે ગવર્નરને લાગે કે બીલની અમુક બાબતોમાં ફેરવીચારણા જરુરી છે તો એ પરત થાય અને એ બાબતોની ગૃહોમાં ફરી ચર્ચા થાય. પણ એમણે ઉઠાવેલ મુદ્દાઓ સ્વીકારવા એ ગૃહ માટે બંધનકર્તા નથી એટલે ફરી એ બીલને રાશ્ટ્રપતી અથવા ગવર્નરની સહી માટે મોકલાય ત્યારે એમણે એને ફરજીયાત મંજુર કરવાનું રહે.

ફરી એને ગેઝેટમાં છપાવવું પડે અને એમાં એક કલમ એવી હોય કે એ વીધેયક (એક્ટ) અમલમાં ત્યારે આવશે, જ્યારે કેબીનેટ એની તારીખ નક્કી કરશે.

આટલી બધી કડાકુટને અંતે મહારાશ્ટ્ર ઈરેડીકેશન ઓફ બ્લેક મેજીક એન્ડ અઘોરી પ્રેક્ટીસીઝ એક્ટ ૨૦૦૫ કે જેનું ૧૬ ડીસે. ૨૦૦૫માં ગેઝેટ બહાર પડયું હતું એને ધારાસભાએ તો પાસ કર્યું છે, પણ વીધાનપરીશદમાં ચર્ચા હજુ બાકી છે– એટલે કે અર્ધો પંથ કપાયો છે.

મારા મત મુજબ બીલ સરસ બન્યું છે અને ભુવાઓને ભાગતાં ભોંય ભારે પડે એવું છે. એનાં મુખ્ય પ્રાવધાનો જોઈએ:

(૧) ગુનેગારને છ માસથી સાત વરસ સુધીની જેલ અને/અથવા રુ.૫૦૦૦ થી રુ. ૫૦૦૦૦ સુધીનો દંડ

(૨) ગૃહખાતું નક્કી કરે એટલા પોલીસ સ્ટેશનોમાં એકેક પોલીસ ઈન્સ્પેકટરની સતર્કતા અધીકારી (વીજીલન્સ ઓફીસર) તરીકે નીમણુક.

(૩) વીજીલન્સ ઓફીસરની ફરજમાં દખલ કરનારને ત્રણ માસની સજા સાથે ૫૦૦૦નો દંડ.

(૪) વીજીલન્સ ઓફીસરને યોગ્ય સમયે કોઈપણ જગ્યાએ દાખલ થઈને વાંધાજનક સાધનસામગ્રી અને જાહેરખબરોનાં સાધનો કે કાગળો જપ્ત કરવાનો અધીકાર.

(૫) કોઈ નાગરીક આવી સામગ્રી પકડી પાડે તો વહેલી તકે મેજીસ્ટ્રેટને લેખીત જાણ કરવાની રહેશે.

(૬) ધાર્મીક વીધીઓ માટે પ્રતીબંધ નથી (ઠગ જ્યોતીશીઓ માટે કંઈ લખ્યું નથી).

(૭) દર્દીને દોરી સાંકળથી બાંધવો, લાકડી કે ચાબુકથી ફટકારવો, પગરખાંમાં ભરેલું પાણી પાવું, મરચાંનો ધુપ દેવો, છાપરેથી લટકાવવો, વાળ ખેંચવા કે ખેંચી કાઢવા, શરીરે ડામ દેવા, જાહેરમાં અમુકતમુક સાથે સંભોગ કરવાની ફરજ પાડવી, અઘોરી વર્તાવ, મોઢામાં મળમુત્ર ઠાંસવું વગેરે કુકર્મો પ્રતીબંધીત કરવામાં આવ્યા છે.

બ્લેક મેજીક એન્ડ અઘોરી પ્રેક્ટીસીઝ એક્ટ ૨૦૦૫નું ગેઝેટ બહાર પડયું હતું અને ધારાસભાએ તો પાસ પણ કર્યું છે, પણ વીધાન પરીશદમાં ચર્ચા હજી બાકી છે – એટલે કે અર્ધો પંથ કપાયો છે.

(૮) કહેવાતી ચમત્કારીક શક્તીની જાહેરાત દ્વારા લોકોને ડરાવી ધમકાવી પૈસા કઢાવવા.

(૯) જન્મમરણના ઓઠા હેઠળ માનવબલીદાન માટેની કાર્યવાહી કરવી.

(૧૦) દૈવી શક્તી ધરાવવાનો ઢોંગ કરીને લોકોને ઠગવા.

(૧૧) મંત્રતંત્રથી દુધાળાં ઢોરનું દુધ ઘટાડી દેવાની ધમકી આપવી. લોકોનાં દુઃખદર્દો માટે અમુક વ્યકતીને જવાબદાર ઠરાવી, અપશુકનીયાળ જાહેર કરીને હેરાન કરવી.

(૧૨) સાપ, વીંછી કે કુતરું કરડે અગર અન્ય બીમારીમાં મંત્રતંત્રથી સાજા કરવાની લાલચ આપીને વ્યકતીને દાકતરી સારવાર કરતાં અટકાવવી.

(૧૩) ગર્ભમાંના બાળકને દીકરો કે દીકરી બનાવી આપવાનો દાવો કરવો.

(૧૪) અલૌકીક શક્તી દ્વારા કોઈનાં પતી, પત્ની કે પ્રેમી પુર્વજન્મમાં હોવાનો દાવો કરી આભાસ ઉભો કરવો.

(૧૫) નછોરી સ્ત્રીને સંતાન આપવાનું વચન આપીને એની સાથે સંભોગ કરવો.

(૧૬) માનસીક ક્ષતીવાળા માણસને દૈવીશક્તીના સ્વામી ગણાવીને કમાણી કરવી.

તા. ૧૮ જુલાઈ ૨૦૦૭ના રોજ મહારાશ્ટ્ર વીધાનમંડળ સચીવાલયને મેં લખ્યું કે : વીધેયકમાં સરકારને ઠીક લાગે ત્યાં અને તેટલાં પોલીસ સ્ટેશનોમાં જ વીજીલન્સ ઓફીસરની નીમણુંક કરવી એ પ્રાવધાન ક્ષતીયુક્ત છે. શહેરી વીસ્તારોમાં ૫૦ ટકા પોલીસ સ્ટેશનોમાં અને ગ્રામ્ય વીસ્તારોમાં કે જ્યાં આવી પાખંડરીતી બહુધા પ્રચલીત છે ત્યાંના દરેક પોલીસ સ્ટેશનમાં એક પોલીસ ઈન્સપેકટર, બે સબ-ઈન્સપ્કટરો અને ચાર હવાલદારો સાથે એક જીપ અને ચાર મોટરસાઈકલ આ કાયદાની બજવણી માટે રાખવા જોઈએ. આસી. પોલીસ કમીશ્નર કે ડે. પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટની લેખીત પરવાનગી સીવાય એમને અન્ય ફરજ ન આપવી.

આ બાબતે રુબરુ ચર્ચા માટે મને બોલાવવા વીનંતી કરી છે. હું માનું છું કે એકાદ વરસમાં મહારાશ્ટ્રમાં આ કાયદો અમલી બનશે. **આપણા પ્રખર રેશનલીસ્ટ ડો. નરેન્દ્ર દાભોલકરનું એ માનસસંતાન છે. તેઓ સરકારની પાછળ પડયા જ છે.**

ગુજરાતના રેશનલીસ્ટ ભાઈબહેનો પણ આ પ્રશ્નને સરકાર સાથે ગંભીરતાપુર્વક ઉપાડી લે એ અપેક્ષા વધુ પડતી નહી ગણાય. એ માટેની ઘોશણા ૨૪-૨૫ નવેમ્બરે પાલનપુર ખાતે ભરાનાર અધીવેશનમાં થવી ઘટે.

<u>તા. ૨૧-૮ના છેલ્લા સમાચાર</u>

ખરડો ફરી અટવાઈ પડયો

મહારાશ્ટ્ર ઈરેડીકેશન ઓફ બ્લેક મેજીક એન્ડ્ ઈવીલ એન્ડ અઘોરી પ્રેકટીસ બીલનો ખરડો પંદર વર્શના સંઘર્શ બાદ પ્રસાર કરવાનો માર્ગ મોકળો થયો હતો ત્યારે એને ફરી એક વખત પાછળ ઠેલી દેવાતાં આક્રોશ ફેલાયો છે. લાગે છે કે સરાકાર આ મુદ્દે ગંભીર નથી. **વીધાન મંડળના ચોમાસુ સત્રમાં પણ એને પસાર કરવાની તસ્દી લેવાઈ નથી.**

ખરડાનો મુસદ્દો ઘડનારાઓ પૈકી શ્યામ માનવે કહ્યું હતું, "માનવવધ અને અન્ય ગેરપ્રવૃત્તીઓને ડામવામાં ઈન્ડીયન પીનલ કોડ પહોંચી વળવાને સક્ષમ નહી હોવાથી સાવ નવા કાયદાની જરુર હતી. કારણ કે આ કાયદામાં ગુનાનો ઉદ્દેશ સાબીત કરી શકાતો નથી. ખરડાની બાબતમાં રાજકીય પક્ષોનાં તમામ વાંધા અને સુચનોની છણાવટ કરી છે. સર્વોચ્ચ અદાલતના નીવૃત્ત ન્યાયમુર્તી પી.બી. સામંતના માર્ગદર્શનમાં આ કાર્યવાહી ચાલે છે. આ વાંધા-સુચનોમાં બીનધાર્મીક પાસાં, અવ્યવહારુ પગલાં વગેરે બાબતોનો સમાવેશ છે. આ ખરડો પહેલી વખત ૧૯૯૨ની સાલમાં રજુ કરાયો ત્યારથી વીવાદમાં પડયો છે. ૧૯૯૯ની સાલમાં સેના-ભાજપ સરકારે તેમાં વધુ સુધારા કર્યા. ત્યાર પછી ૨૦૦૩માં મુખ્ય પ્રધાન સુશીલકુમાર શીંદેએ આ ખરડો વટહુકમ રુપે બહાર પાડવા માટે રાજ્યપાલને મોકલ્યો હતો. પણ રાજ્યપાલે એ ખરડો સરકારને પાછો મોકલ્યો હતો."

વર્શ ૨૦૦૪માં દેશમુખ ફરી સત્તા પર આવ્યા ત્યારે ૨૦૦૫ના એક વીધાનસભા સત્રમાં આ ખરડો રજુ કરાતાં તમામ પક્ષોના વીધાનસભ્યોએ તેનો વીરોધ કર્યો હતો. તેમાંના અંધશ્રધ્ધા જેવા શબ્દોને વાંધાજનક શબ્દો અને 'શરીરમાં દેવી-દેવતાને જાગૃત કરવા' જેવા ઉલ્લેખો દુર કરાયા હતા.

સુધારીત મુસદ્દાને છેવટે કોંગ્રેસ, એનસીપી અને ભાજપની બહાલી મળતાં છેવટે વીધાનસભામાં પસાર કરાયો હતો. **પરંતુ અજ્ઞાત કારણસર ફરી તે અન્ય વીધી માટે અટવાઈ પડયો છે.**

પ્રા. હર્શા બાડકર

પરીચય: મધુરી મહેતા

આ વીશયથી આપણે સૌ પરીચીત છીએ 'દીકરી વહાલનો દરીયો.' મને એ દરીયાદર્શન તાજેતરમાં જ પ્રત્યક્ષ થયું, જ્યારે એક દીકરીએ પોતાના પીતાની ઉમરનાં ૭૫ વર્શ અને માતા-પીતાનાં દાંપત્યનાં ૫૦ વર્શ ઉમળકાભેર ઉજવ્યા હતા.

આપણા તંત્રી મુ. ગુલાબભાઈ અને વીણાબેનની એકની એક પુત્રીની આપણે વાત કરી રહ્યા છીએ. નામ એમનું હર્શા બાડકર, જેમણે ૨૨ વર્શ પહેલાં આંતર્પ્રાંતીય લગ્ન કર્યાં છે, અને તે રેશનલીઝમનું જ એક લક્શણ ગણાય છે.

મને આકર્શી છે હર્શાબેનની ગ્રહણ શક્તીએ. આપણાં મીત્ર મીલનોમાં ઓછું આવે છે, પણ આવે છે ત્યારે ધ્યાનથી સાંભળે છે, જરુરી નોંધો કરે છે અને પછી જે પ્રશ્નો પુછે છે તે ટુંકા અને મુદ્દાસરના હોય છે.

ગુલાબભાઈને રમણ ભ્રમણ સુવર્ણચંદ્રક મળ્યો તે પ્રસંગે સતત ૩૬ કલાક હર્શાબેન સાથે રહેવાનું થયું અને વધુ નજીકનો પરીચય થયો. પોતાના પીતા માટેનો જે મનોભાવ એમણે સુરતની સભામાં વ્યક્ત કર્યો હતો તેણે સભાને ભીંજવી દીધી હતી. મારા અંગત આંતરોદ્ગાર ત્યારે આ હતા, "દીકરી આવી હોય તો દીકરાની ખેવના કોણ કરે?"

પોતાનો વીકાસ ગુજરાતી માધ્યમના પ્રાથમીક શીક્શણને જ આભારી હોવાનું કબુલતાં હર્શાબેન કહે છે, "જો સીધી અંગ્રેજી માધ્યમમાં દાખલ થઈ હોત તો કદાચ મારું અંગ્રેજી પણ કાચું રહી ગયું હોત. માતૃભાશાનું પ્રાથમીક શીક્શણ માતાના ધાવણ જેટલું જ જરુરી છે એમ મેં સ્વાનુભવે જાણ્યું છે."

એમણે M.A., M.Phil. વીલ્સન કોલેજમાં કર્યું અને ત્યાં જ ફીલોસોફીના લેક્ચરર અને ડીપાર્ટમેન્ટના હેડ છે. હીન્દુઈઝમ પર જાહેર પ્રવચનો પણ આપે છે.

ભણાવવાનો વીશય જ ફીલોસોફી હોવાના કારણે સ્વાભાવીક ઝોક ધર્મ તરફનો ખરો, અલ્પાંશે કર્મકાંડ પણ કરતા, પણ એમની પરીવર્તનશીલતાને દાદ દેવી પડે.

સુરતમાં ૧૨ કલાક રેશનલીઝમના વાતાવરણામાં રહ્યા અને રેશનલીઝમના ઉડાણમાં ગયા તો સમજી ગયા કે સાચું તો આ જ છે. બસ ત્યારથી જ ધાર્મીક માન્યતાઓ બદલાઈ ગઈ, કર્મકાંડો જે અલ્પાંશે હતા તે ખરી પડ્યા અને રેશનલીઝમ એટલે જ તત્ત્વજ્ઞાન એવું નવલું પ્રકાશકીરણ ફુટ્યું.

તા. ૧૬મીએ જે હર્શાબેનને તમે સાંભળશો તે પાકા રેશનલીસ્ટ હર્શાબેન હશે. આ પરીવર્તનનું પ્રત્યક્ષ પરીણામ જોવા સાંભળવાનું મીત્રો, ચુકશો નહી તેવી મારી ખાસ ભલામણ છે.

વળી એની નીખાલસતા પણ જુઓ. મને કહે, "ગુજરાતીમાં બોલવાનો મહાવરો નથી, તો તમે સૌ વડીલો મોટું મન રાખજો." મારો એમને જવાબ હતો, "રેશનલીસ્ટોનું મન મોટું જ હોય, વળી તમે ક્યાં બહાર બોલવા જવાના છો. ઘરની જ વાત છે ને!"

તો મીત્રો, ૧૬મી તારીખે સાંજે ચાર વાગ્યે હર્શાબેનની વાણી અને પ્રવીણભાઈની મીજબાની માણવા જરુર આવજો. સરનામું પહેલે પાને છાપ્યું છે.

ધુપછાંવ

– દીનેશ પાંચાલ

સોનાની ગીની જાજરુમાં પડી હોય તો પણ તેની કીંમત ઘટી જતી નથી અને પથરો તીજોરીમાં પડ્યો હોય તો પણ તેની કીંમત વધી જતી નથી.

મંદીરના પ્રસાદની થાળીમાં પડેલા તુલસીપત્ર કરતાં જાજરુમાં પડેલી પાંચસોની નોટ માણસને વધુ પવીત્ર લાગે છે.

વીચારલાલીત્ય

લોકધર્મી પત્રકારત્વ બાયલું હેય તે ન ચાલે અને વળી બેજવાબદાર હોય તે પણ ન ચાલે. એ સવાલદાર હોય તે સાથે જવાબદાર પણ હોવું જોઈએ.

પત્રકાર સત્યવાદી હરીશચંદ્ર ના હોય તો ચાલે, પરંતુ એ નક્કર અસત્યવાદી હોય તે ન ચાલે. સચ્ચાઈ પત્રકારત્વની હીરોઈન છે અને સનસનાટી એની વેમ્પ (નખરાળી સ્ત્રી) છે.... મીડીયા અંધશ્રધ્ધા તથા ચમત્કારોનો ફેલાવો કરી શકે છે અને વહેમ સાથે જોડાયેલા જ્યોતીશનો ભાંડો પણ ફોડી શકે છે.

– ગુણવંત શાહ

પ્રમાણમાં વીશેશ શું થાય છે તેના પર એક અભ્યાસલેખ થઈ શકે?

– તંત્રી

નાર્કો એનાલીસીસ ટેસ્ટ અને સેક્સની વીકૃત્તી –જયેન્દ્રસીંહ રાણા

આજના એકવીસમી સદીના યુગમાં રેશનલીસ્ટ મીત્રોએ નવા સંશોધન, નવી શોધો, વીશે સુપેરે જાણવું અનીવાર્ય થઈ ગયું છે. લોકો પોતાની ભૌતીક સુખાકારી વધારવા માટે હાઈપોકોન્ડ્રીયાસીસ, ડીપ્રેશન, સ્ટ્રેસ, સ્કીઝોફ્રેનીયા અને એન્ક્ઝાયટી જેવા માનસીક રોગોનો શીકાર બનતા હોય છે.

આજે જે વાત કરવાની છે તે નાર્કો એનાલીસીસ ટેસ્ટ બાબતની છે. હમણાં આપણે ગાંધીનગરની સુવીખ્યાત એફ. એસ. એલ (ફોરેન્સીક સાયન્સ લેબ)ની વાતો વાંચીઓ છીએ. જ્યાં જુદા જુદા પ્રકારના ટેસ્ટ કરાવવામાં આવે છે, જેમ કે બાયોમેટ્રીક્સ, ડોપીંગ ટેસ્ટ, બ્રેઈન મેપીંગ, બ્રેઈન ફીંગર પ્રીન્ટ અને નાર્કો એનાલીસીસ ટેસ્ટ વગેરે. તાજેતરમાં ઉત્તર પ્રદેશના નોઈડા વીસ્તારના નીઠારીના બે નરપીશાચો સીરીયલ કીલર તરીકે ઓળખાતાં મોનીન્દર પાઠરે અને સુરીન્દરને ગાંધીનગર ન્યાય સહાયક પ્રયોગશાળામાં નાર્કો એનાલીસીસ ટેસ્ટ માટે લાવવામાં આવ્યા હતા. આવી ઘટના બાદ આજકાલ નાર્કો એનાલીસીસ શબ્દોનો ઉલ્લેખ ટી.વી. સમાચાર તેમ જ અખબારોમાં અવારનવાર થતો જોવા મળે છે.

ઘણા બધા લોકોના મનમાં માન્યતા હોય છે કે નાર્કો ટેસ્ટમાં કોઈ ડ્રગનો ટેસ્ટ હોય છે. પણ એવું નથી. આપણે શબ્દના મુળમાં જઈને જોઈએ તો નાર્કો શબ્દ ગ્રીક ભાશાના નાર્કોસ શબ્દ ઉપરથી ઉતરી આવ્યો છે, જેનો અર્થ થાય છે ભાન ગુમાવવું કે નીંદ્રા–મુર્છામાં સરી પડવું. નાર્કો શબ્દ સબંધી તેને લગતા જુદા જુદા શબ્દ બને છે, જેમ કે નાર્કોલેટન્સી આ એક સ્લીપ ડીસઓર્ડર છે જેમાં વ્યકતી દીવસ દરમીયાન વારંવાર ગમે ત્યારે ઉઘમાં સરી પડે છે. બીજો એક શબ્દ છે નાર્કોટીક ડ્રગ અર્થાત નીંદ્રા, મુર્છા લાવનાર દવા. બીજા વીશ્વયુધ્ધ દરમીયાન વોર ન્યુરોસીસનો ભોગ બનનાર સેંકડો સૈનીકોને નાર્કો થેરેપી દ્વારા પુનઃ સાધારણ બનાવ્યા હતા.

રીઢા ગુનેગાર માનસને જાણવાનો આ સૌથી સરળ અને સસ્તો રસ્તો છે. સામાન્ય ગુનેગારોને પુચ્છા કરવાથી કે ડરનો માર્યો બધી સાચી વીગતો પોપટની માફક બોલી જશે. પણ રીઢો ગુનેગાર તો ચમત્કાર બાદ પણ મોઢું ખોલતો નથી. ઘણી વખત એવું બને છે કે ગુનેગારોને અમુક સાચી વીગતો તેના જાગૃત મનમાં યાદ હોતી નથી. કેમ કે અમુક ઝીણી ઝીણી સાચી વીગતો તેના જાગૃત મનમાંથી ભુંસાઈ ગઈ હોય છે. કદાચ તે ગુનેગાર સાચી વીગત જણાવવા ઈચ્છતો હોય તો પણ તે સાચી વીગતો જણાવી શકતો નથી. તેમ છતાં આ બધી ઝીણી ઝીણી વીગતો એના અજાગૃત મનમાં અકબંધ પડી હોય છે.

માનસશાસ્ત્રના પીતા ડો. સીગમંડ ફ્રોઈડે માનવ મનના બે વીભાગો પાડ્યા છે. જેમ કે જાગૃત, અર્ધજાગૃત. આવી બાબતો સમાજમાં માન્ય ન હોવાથી જેની અભીવ્યકતી અને સંતુશ્ટી વાસ્તવીક રીતે શક્ય નથી તેવી આપણી ઈચ્છાઓ છે.

અપરાધ જગતના ગુનેગારના મનને કળવા સીવાય મનોચીકીત્સા ક્ષેત્ર પણ પરીક્ષણ માટે ખુબ જ ઉપયોગી છે. વીકૃત ભય, ફોબીયા, વીકૃત ચીંતા, એન્ક્જાયટી જેમાં વ્યકતી અમુક નીર્દોશ ચીજથી અચાનક ભય ચીંતા અનુભવે છે. આ માટે તેની પાસે કોઈ ચોક્કસ દેખીતું તાર્કીક કારણ હોતું નથી. પરંતુ આ બીમારીના કારણો અજ્ઞાત મનમાં પડેલાં હોય છે. મનોચીકીત્સક આવા રોગીને નાર્કોસીન્થેસીસ દ્વારા ટ્રાન્સમાં લઈ જઈને તેના અજ્ઞાત મન સાથે સંવાદ કરે છે. પછી નાર્કોથેરેપીની સેશન દરમીયાન તેના હકારાત્મક સુચનો કરવામાં આવે છે.

હાલમાં બનેલ બનાવો પર એક નજર દોડાવીએ તો લાગે છે કે સુરીન્દર અને મોનીન્દરના કેસમાં બીજી રીતે મુલવીએ તો વારંવાર અખબારમાં આવતા સમાચારોમાં ઘણીવાર બાળકી પર બળાત્કાર તથા કોઈ વૃધ્ધા પર બળાત્કાર વાંચવા મળે છે. આવું કરનાર પુરુશો પીડોફીલીયા અથવા જેરેન્ટોફીલીયા જેવી કામવૃત્તીઓથી પીડાતા હોય છે. જે મહીલા કામજીવનમાં પ્રવૃત્ત નથી તેના પ્રત્યે આવા અદમ્ય આકર્શણના કારણે આવા પીડોફાઈલ અથવા જેરેન્ટોફાઈલ પુરુશો બાળકી તથા વૃધ્ધાઓના જીવનમાં મોટો ધરતીકંપ લાવી શકે છે.

કેટલાક વધુ કામવીકૃત લોકો સમાગમ બાદ બાળકનું ખુન કરી નાખે છે. અલબત્ત આવા પીડોફાઈલ પુરુશો બળાત્કાર કરતા નથી. કેટલાક પીડોફાઈલ લોકો પોતાની ઓળખાણ પીછાણ ધરાવતા લોકોની કુમળી વયની બાળકી સાથે લાડ–પ્રેમ, છેડછાડ કરી લે છે. બાળકીઓને કે તેમના માબાપને ખબર નથી હોતી કે ફલાણા ભાઈની દીકરીને બહુ રમાડે છે પણ તેમ કરવામાં તે ભાઈની તીવ્ર સેકસુઅલ એકસાઈટમેન્ટ ઉદભવે છે. આથી આગળ વધીને કેટલાક પીડોફાઈલ પુરુશો પોતાના જનાનંગો સાથે અડપલાં કરવાની જાતીય ચેશ્ટાઓ પણ કરતા હોય છે. અમેરીકાના જાણીતા પોપ સ્ટાર માઈકલ જેકસન પર પણ પીડોફાઈલ હોવાનો આક્ષેપ હતો. નીઠારી કેસમાં બાળકંકાલમાં સંડોવાયેલા સુરીન્દર પણ પીડોફાઈલ હોવાની પોલીસને શંકા છે. નાર્કોએનાલીસીસ ટેસ્ટ કરાવવાનો સરકારી કાયદો કરવો જોઈએ. ધતીંગ, કપટ, ઠગવું વગેરે સાબીત થતાં તેમને આકરી સજા કરવી જોઈએ.

મંતવ્યવીશેશ વગર પારાને આવે તે ઘચરકા

રેશનલીઝમ–વીચારનું પાચન થયા વગર જે મીત્રોને ઓડકાર આવ્યા કરે છે, તેને ઓડકાર ના કહેતાં ઘચરકા કહેવા ઠીક રહેશે. પ્રો. જે. પી. મહેતા મારા મીત્ર હોવા છતાં આવા ઘચરકા જ વ્યક્ત કર્યા કરે છે તેવી મારી બંધાયેલી છાપ છે, ખુદ રમણ પાઠકે પણ અનેકવાર તેમની આવી 'આડેધડતા' વીશે મારી સમક્ષ ટીપ્પણીઓ કરી છે.

ઓડકારમાં પાચનનો અહેસાસ હોય. ઘચરકામાં ખટાશ અને કડવાશ બન્ને અનુભવાય. તે અપચાની નીશાની છે.

મે–જુનના અંકમાં જે.પી.એ 'ધર્માંધ સંગઠ્ઠનોના બજરંગવેડા' શીર્ષકથી જે લેખ લખ્યો છે તે પણ આવો એક ઘચરકો જ છે. તેઓ એ પણ ભુલી ગયા છે કે વીચારક ગુણવંત શાહ કોઈ ધાર્મીક સંગઠ્ઠન સાથે જોડાયેલા નથી – ને છતાં હુસૈનના વીકૃત ચીત્રોનો તેમણે વીરોધ કર્યો છે. એવા તો બીજા અનેક બીનધાર્મીક લેખકો વીચારકોએ

પણ એની સામે વીરોધ નોંધાવ્યો છે– હું પણ મારી જાતને પરીશુધ્ધ રેશનલીસ્ટ ગણાવું છું. પણ તેમ છતાંય હુસૈનની ગંદી હરકત સામે મારો વીરોધ છે. અમીતાભ મડીયા જેવા કલાકારે પણ તેનો વીરોધ કર્યો છે.

હીંદુ ધર્મના દેવી દેવતાઓને ડીસન્સીની મર્યાદા બહાર જઈને એવા ચીતરવા ને વળી તેની નીચે એમના નામ લખીને એમને (ચીત્રને) આલેખ આપવો એ નરી ધૃશ્ટતા છે. કોઈ પણ પ્રકારની બદમાસીનો વીરોધ કરવાથી શું રેશનલીસ્ટ મટી જવાય છે ? હીંમત હોય તો અન્યાયનો, અદાવતનો, વેરઝેર કે કીન્નાખોરીનો કે એવી કોઈપણ દુશ્પ્રવૃત્તીનો વીરોધ કરો.

રામ,સીતા, હનુમાન, શીવ,પાર્વતી વગેરેને ભગવાન ન ગણીએ પણ આપણા મહાકાવ્યો કે પુરાણકથાઓના એ અમર પાત્રો છે એ વાત તો નીર્વીવાદ છે. એવા પાત્રો સાથે આપણી માનસીક સંલગ્નતા હોય એ સ્વાભાવીક છે. એની સાથે આવાં અશ્લીલ અડપલાં કોઈ કરે તે સહ્ય છે ? આપણા મૃત મા–બાપ, ભાઈ–બહેનના ફોટોગ્રાફ પર કોઈ થું કશે કે એમને કઢંગી અવસ્થામાં કોઈ ચીતરશે તો એનો વીરોધ કરવાનું

ગણપતીઃ ગણેશની પુંઠ પર સ્ત્રી બેસાડી હુસૈને ગણપતીને દરવાન બનાવ્યા છે. ★



હનુમાનઃ બાળબ્રહ્મચારી હનુમાનની નીચે નીર્વસ્ત્ર સ્ત્રી દર્શાવી હુસૈન હનુમાનભક્તો જ નહીં, રામભક્તોનું પણ અપમાન કરે છે. ★

આપણા માટે સહજ નથી ? એમ કરવાથી આપણે રેશનલીસ્ટ મટી જઈશું ?

તંત્રીને વીનંતી કરું કે સૌરભ શાહના સામયીક 'વીચારધારા'માં પ્રગટ થયેલો એમનો આ સાથે મોકલેલો લેખ એમાં દર્શાવેલા ચીત્રો સહીત છાપો – યા એકલા ચીત્રો છાપીને રેશનલીસ્ટ દોસ્તોને જાતે જ નક્કી કરવા દો કે એમાં કોઈ કલા છે કે કુચેશ્ટા ?

(નમુના રુપે 'વીચારધારા'માં છપાયેલા ૨૪માંથી ૪ ચીત્રો લેખકની સુચનાને માન આપી અહીં લીધા છે. – તંત્રી)

રેશનલીઝમનું ક્ષેત્ર બહુ વીશાળ છે, બૃહદ છે. આપણે દુનીયામાં એકલા વસતા નથી. બીજા કરોડો વસે છે. એમની લાગણી સાથે કોઈ ગંદી હરકત કરે તો એને સાંખી ના લેનારા પણ એટલા પુરતા "છાતીવાળા" રેશનલીસ્ટ છે. **–રજનીકુમાર પંડયા**

ડી–૮, રાજદીપ પાર્ક, બળીયાકાકા રોડ, મણીનગર, અમદાવાદ–૩૮૦૦૨૮

૧૯૩૫માં ભારતીય નાગરીકની સરેરાશ ઉંમર ૩૩ વર્ષની હતી, જે આજે ૬૬ વર્ષની થઈ છે તે આરોગ્ય વીજ્ઞાનને પ્રતાપે જ.

ગાંધી ઉવાચ



મારે હાથે જ મેં ગરીબ પાસેથી તેમના ચીંથરામાં બાંધેલા અને ધુળથી ખરડાયેલા પૈસા ભેગા કર્યા છે. તેમની પાસે આધુનીક પ્રગતીની વાતો કરવાનો કશો જ અર્થ નથી. તેમની આગળ ઈશ્વરનું નામ લઈને તેમનું અપમાન ન કરો.

જો આપણે તેમને ઈશ્વર વીશે વાત કરીશું તો તેઓ તમને અને મને શેતાન કહેશે. તેમની આગળ ઈશ્વરનું નામ મુકવાની મારી હીંમત નથી ચાલતી. એ ભુખ્યા કરોડો, જેમની આંખમાં જરાય તેજ નથી તેમને માટે રોટલો એ જ ઈશ્વર છે. જ્યાં લગી ખોબા જેટલા પૈસાવાળા અને ભુખ્યા રહેતા લોકો વચ્ચેનું બહોળું અંતર ચાલુ રહે, ત્યાં લગી અહીંસાના પાયા પર ચાલતો રાજ્ય વહીવટ સંભવીત નથી. સમાજવાદની જડ આર્થીક સમાનતામાં રહી છે. થોડાકને કરોડ રુપીયા અને બાકીનાને ભાગે માંડ સુકો રોટલો, આવી ભયાનક અસમાનતામાં રામરાજ્યનાં દર્શન કદાચ ના થઈ શકે.

["મારા સપનાનું ભારત"માંથી]

વીવેકપંથી ૬૫

તંત્રીની કલમે

સંશય થવો જરુરી છે પણ એ થાય ક્યારે ?

તમારો આ તંત્રી – આ લખનાર રેશનલીસ્ટ બન્યો હોય તો તે કેવળ તેની વાંચનની આદતના કારણે જ.

'સમકાલીન'ની રમાણ પાઠકની મંગળવારીય કોલમ 'સંશયની સાધના' વાંચવાની શરુઆત મેં થડકતા હૃદયે કરી હતી. સંશયની તે વળી સાધના થતી હશે ! અને સાચું માનજો, એ કોલમના વાંચન પહેલાં હું રેશનલીઝમના 'ર'થી પણ પરીચીત નહોતો. અગાઉ કહી ચુક્યો છું તેમ 'સંશયની સાધના'એ ઢંઢોળ્યો તે પહેલાં હું પુરો અંધશ્રધ્ધાળુ અને અબુધ હતો. બીજા અર્થમાં છતી આંખે આંધળો હતો.

સ્વાનુભવે જ મને વાંચનની તાકાત સમજાઈ હતી અને કદાચ એ જ કારણ છે 'વીવેકપંથી'ના પ્રકાશનનું.

રમણ પાઠક જેવો અને જેટલો નીખાલ રેશનલીસ્ટ દોહ્યલો ગણાય. એ કબુલતા જ રહે છે કે લખવા અને બોલવા સીવાય રેશનલીઝમ ક્ષેત્રે એમની કોઈ નોંધનીય સક્રીયતા નથી – લખવાની સવીશેશ. પણ પરીણામ એનું કેવું જબ્બર ! કેટલું વ્યાપક ! કેટલા બધા લોકો એમને વાંચીને રેશનલીસ્ટ બન્યા ! વાંચનની તાકાતનો આથી મજબુત પુરાવો બીજો કયો હોય ?

વધુમાં તા. ૨૩મી જુનની પ્રત્યક્ષ મુલાકાત દરમીયાન વીદ્વાન મીત્ર ધવલ મહેતાના આ પ્રોત્સાહક શબ્દો પણ વાંચનનો જ મહીમા વધારનારા લાગ્યા છે : "સામયીકનું પ્રકાશન શ્રેશ્ઠ પ્રકારની સક્રીયતા છે."

કોઈપણ પ્રકાશનમાં મહીમા તો વાંચનનો જ છે. ગુણવંત શાહે પણ કંઈક આવું કહ્યાનું સ્મરણ છે.: "વાંચનની આદત વગરનો માણસ પશુ જ ગણવો, વળી પશુઓ એટલા નસીબદાર કે એ માણસ ઘાસ ખાતો નથી."

કોઈપણ ધ્યેયધારી સામયીકનું પ્રકાશન લોઢાના ચણા ચાવવા જેટલું કઠણ છે, એ તો કોણ નથી જાણતું! તેમાંય રેશનલીસ્ટ સામાયીક ! એણે તો રુઢ પરંપરાઓનું ખંડન કરવાનું છે, સામા પુરે તરવાનું છે. સર્વસામાન્ય લોકરુચીને પંપાળીને પ્રીયતા હાંસલ કરવાનું કામ રેશનલીસ્ટ સામીયકનું નથી. જનસામાન્યને જેની જરુર જ સમજાઈ નથી, તેવી વાનગીને ભાવતી વાનગી બનાવીને એણે પીરસવાની છે, છતાં એનો સ્વીકાર ના થાય તેવી પણ શક્યતા ખરી જ. અને તે સંજોગોમાં પરાણે પીરસણી પણ કરવી પડે. અને તેથી જ કહેવાનું પર્યાપ્ત થાય છે કે લવાજમ સામે જ અંક મોકલવાની નીતી રેશનલીસ્ટ સામાયીક માટે અનુકુળ નથી. આપણે તો વધુમાં વધુ લોકો સુધી રેશનલીઝમ પહોંચાડવું છે અને તે લવાજમની શરતે તો નહીજ બની શકે. પોતે જેની જરુર જ નથી સમજતો તેના રુપીયા માણસ શા માટે ખર્ચે ? સમજશે એટલે એને વરસી પડતાં પણ વાર નહી લાગે.

આ જ સંદર્ભે ગતાંકમાં પ્રગટ થયેલા 'વીવેકપંથી'ના હીસાબ પર પુન: દ્શ્ટી નાખતાં વાત સમજવાનું જરા સહેલું થશે. રુ. ૫૪૧૩૨ના ખર્ચ સામે લવાજમમાં મળેલી રકમ છે, રુ. ૧૫૭૩૩. એટલે કે લવાજમો તો ૨૮% જેટલાં જ મળ્યાં છે. આમ છતાં વર્શાન્તે જે ૨૭૨૪૬ રુપીયાનો વધારો દેખાયો છે તે રુ. ૬૪૦૦૦ જેવી માતબર રકમનું સ્વૈચ્છીક યોગદાન આપનાર સહકારદાતાઓની સમજદારીના કારણે જ છે. આ સહકરદાતાઓની ઉચ્ચ સમજદારીને સો સો સલામ.

વાંચનનો મહીમા એ સહકારદાતાઓ સારી પેઠે સમજે છે અને એમની સમજદારી જ એક દીવસ રંગ લાવશે. 'વીવેકપંથી' તો ખરું જ, પણ એ સીવાય રેશનલીસ્ટ સાહીત્ય વધુમાં વધુ છપાય, વધુમાં વધુ વંચાય અને વધુમાં વધુ સમજાય તે આપણી ચળવળની મહત્ત્વની અને પ્રાથમીક જરુરત છે.

જે વાંચશે, વાંચતું રહેશે તે પોતાનો ઢાંચો એક દીવસ જરુર તપાસશે અને જ્યારે એવું થશે ત્યારે એને પરીવર્તનની જરુર પણ સમજાશે. ત્યાં સુધી તો આપણે ખંત અને ધીરજથી ઝઝુમવાનું જ છે.

'સમાજ કો બદલ ડાલો'નું આપણું વણલખ્યું–વણકથ્યું સુત્ર છે તે સાર્થક થશે તો વાંચનથી જ થશે.

ગુજરાત –મુંબઈ રેશનલીસ્ટ એસોસીએશનનાં આયોજનો : 'દશા અને દીશા' સુચક દસ્તાવેજનો મુસદ્દો સમીતી સભ્યોની વીચારણા પર

તા. ૨૪મી ફેબ્રુઆરીએ પાલનપુરમાં અશ્વીન કારીઆની અધ્યક્ષતામાં મળેલી ગુજરાત–મુંબઈ રેશનલીસ્ટ એસોસીએશનની બેઠકમાં નક્કી થયા પ્રમાણે તા. ૨૪–૪૫ નવેમ્બરના બે દીવસ માટે પાલનપુરમાં રાશ્ટ્રીય કક્ષાએ અધીવેશન યોજવામાં આવનાર છે.

આ અધીવેશનમાં પ્રાંતે પ્રાંતથી પ્રતીનીધીઓ અને વક્તાઓ હાજરી આપે તેવી નેમ છે.

ઉપરોક્ત ૨૪મીની બેઠકમાં જ ચર્ચાયા પ્રમાણે 'રેશનલીઝમની દશા અને દીશા' નક્કી કરવાનું નક્કી થયું હતું તેના અનુસંધાને અમદાવાદમાં જયંતી પટેલને ઘેર એક બેઠક યોજાઈ હતી, જેમાં ૧૮ સભ્યો નીમાયા હતા. બે સભ્યો પછીથી સ્વેચ્છાએ જોડાતાં સમીતી નીચે પ્રમાણેના ૨૦ સભ્યોની બની છે.

જયંતી પટેલ, ધવલ મહેતા, દીનેશ શુક્લ, કીરણ નાણાવટી, ઈન્દુકુમાર જાની, દમયંતી પારેખ, બીપીન શ્રોફ, અશ્વીન કારીઆ, એન. કે. ઈન્દ્રાયન, જયંત પંડયા, બાબુભાઈ દેસાઈ, બી.એ. પરીખ, સુર્યકાન્ત શાહ, તૃપ્તી પારેખ, ચંદુ મહેરીયા, એન. વી. ચાવડા, રાજેન્દ્ર ઠાકર, અબ્દુલ વકાણી, ગુલાબ ભેડા, (દીવંગત રવજી સાવલીયા)

દીશા અને દશા સુચક દસ્તાવેજ તૈયાર કરવાનું જયંતી પટેલના માર્ગદર્શનમાં ધવલ મહેતા, દીનેશ શુકલ અને કીરણ નાણાવટીએ સ્વીકાર્યું હતું, જેમણે પુરતો સમય ફાળવીને પુખ્ત વીચારવીનીમય કરી દસ્તાવેજ તૈયાર કરી ગુલાબ ભેડાને મોકલી આપ્યો હતો, જેમણે એ દસ્તાવેજ ૧૦ પાનામાં છપાવીને તમામ સમીતી સભ્યોને વીચારણા કરી જરુરી સુધારા–વધારા તથા સુચન કરવા માટે મોકલી આપ્યો છે.

તમામ સભ્યો તરફથી સુધારા–વધારા અને સુચન સાથે દસ્તાવેજ મળી જતાં જો જરુર જણાશે તો સમીતીની એક–બે બેઠકો પણ દસ્તાવેજ અંકે કરવા માટે યોજવામાં આવશે.

આ દસ્તાવેજ પાછળનો ઉદ્દેશ રેશનલીઝમને વ્યવહારુ બનાવી વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવાનો છે. દસ્તાવેજ અંકે થતાં અધીવેશનના બીજા દીવસની બીજી બેઠકમાં (તા. ૨૫ નવેમ્બરે) તેના અમલીકરણ અંગેનો નીર્ણય–ચર્ચાવીચારણાના અંતે લેવામાં આવશે.

સુખી માનવજીવનનો શ્રેશ્ઠ માર્ગ રેશનલીઝમ જ છે એ આપણે વધુમાં વધુ લોકોના ગળે ઉતારવાનું છે.

અધીવેશનનો મુખ્ય એજન્ડા છે : "ન્યાયી સમાજના સર્જન માટે ધર્મનીરપેક્ષતાનો ફાળો."

આ અધીવેશનમાં જુદા જુદા વીશયો ઉપર ભારત અને ગુજરાતભરના હ્યુમેનીસ્ટ રેશનલીસ્ટ તજ્ઞો પોતાના વીચારો રજુ કરશે.

અધીવેશનના મુખ્ય વીશયો:

- માનવવાદ અને વીવેકબુદ્ધીવાદ,
- વીવેકબુધ્ધીવાદના જુદા જુદા અંગો,
- માનવવાદી અને ધર્મનીરપેક્ષ સમાજની રચના કરવા માટે રેશનલીઝમનો ફાળો
- શીક્ષણનું ધર્મની અસરોમાંથી સંપુર્ણ વીયોજન,
- જાતીય અસમાનતા દુર કરવામાં વીવેકબુધ્ધીવાદનો ફાળો અને વૈજ્ઞાનીક અભીગમ

આ વીશયો ઉપર આર. વેંકટાદ્રી, બાબુ ગોગેનીની, ડી.ડી. બંદીશ્તે, ડો. વીજ્યાનન, ડો. એન. કે. ઈન્દ્રાયન, કે. હનુમંતરાઉ, પ્રો. રમણ પાઠક, જયંતી પટેલ, દીનેશ શુકલ, ધવલ મહેતા, બી.એ. પરીખ, સ્વરુપબેન ધ્રુવ, ઈલાબેન પાઠક વગેરે પોતાના વીચારો રજુ કરશે.

સ્મરણીકા

ગુજરાતમાં રેશનલીસ્ટ પ્રવૃત્તી સાથે પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે સંકળાયેલા સૌ મીત્રોને વીનંતી છે કે, ઉપર જણાવેલા વીશયો ઉપર લેખો લખી મોકલે. આ અધીવેશન નીમીત્તે પ્રકાશીત થનાર "સ્મરણીકા"માં આપના લેખો પ્રકાશીત કરાશે. લેખની સાઈઝ આશરે ૨૦૦૦ શબ્દોની મર્યાદામાં રહેશે. લેખ મોકલવાની છેલ્લી તા. ૨૫–૯–૨૦૦૭ છે. લેખ મોકલવાનું સ્થળ

બીપીન શ્રોફ– તંત્રી વૈશ્વીક માનવવાદ.
૧–અ, કલ્પના સોસા, મહેમદાવાદ–૩૮૭૧૩૦

માનસીક સ્વાસ્થય શીબીર

બનાસકાંઠાના પછાત જીલ્લામાં ગુજરાત–મુંબઈ રેશનલીસ્ટ એસોસીએશન તરફથી માનસ સ્વાસ્થ્ય શીબીરનો અભીનવ પ્રયોગ હાથ ધરવામાં આવી રહ્યો

છે. ૧૨-૭-૨૦૦૭ના રોજ આવી એક શીબીરનું આયોજન લો કોલેજ, પાલનપુર ખાતે કરવામાં આવ્યું હતું તેના ભાગરૂપે ડીસા ખાતે એસ.સી.ડબલ્યુ કન્યાશાળામાં માનસ સ્વાસ્થ્ય શીબીરનું આયોજન કરવામાં આવ્યું.

મનોરોગ ચીકીત્સક ડૉ. પ્રવીણભાઈ પટેલે વીવીધ માનસીક રોગોની તેમ જ તેના ઉપાયોની સમજુતી આપી હતી. મોટા ભાગની શારીરીક સમસ્યાઓ પાછળ માનસીક કારણો જવાબદાર હોય છે તે બાબતની વીગતવાર ચર્ચા પણ કરી હતી. માનસીક રોગો અંધશ્રધ્ધા નીપજાવવામાં ઘણો મોટો ભાગ ભજવે છે, તે અંગે વીદ્યાર્થીનીઓએ પ્રશ્નોત્તરીમાં ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. એસોસીએશનના પ્રમુખ અશ્વીન કારીઆએ અંધશ્રધ્ધાના કારણે માનસીક સ્વાસ્થયને થતા નુકશાનની જાણકારી આપી હતી. ગઢ હાઈસ્કુલના આચાર્ય જગદીશ સુથારે ભુતપ્રેત પાછળનાં હાનીકારક ખ્યાલો વીશે સમજુતી આપી હતી. શાળાના આચાર્ય ચારુબેન ઠક્કર તેમજ શીક્ષકોએ આ અભીનવ અભીગમથી સંતોશ વ્યક્ત કર્યો હતો.

જે શાળા કોલેજ કે રોટરી/લાયન્સ કલબ જેવી સંસ્થાઓને માનસીક સ્વાસ્થ્ય શીબીરનું આયોજન કરવામાં રસ હોય અને જેમને આગામી અધીવેશન અંગેની વધુ માહીતી જોઈતી હોય તેમણે આ સરનામે સંપર્ક કરવો : **અશ્વીન કારીઆ,** આચાર્ય લો કોલેજ, એસ.ટી. વર્કશોપ સામે, પાલનપુર – ૩૮૫ ૦૦૧.

ભારતને જરુરત છે, માઓ ત્સે તુંગ જેવા નેતાની– આર. આર. પટેલ – બીદડા

ચીનની આઝાદી પહેલાં જેવી પરીસ્થીતી હતી, તેવી પરીસ્થીતી આજે ભારતની છે.

આઝાદી પહેલાં સમગ્ર ચીન દેશ વીવીધ તકલીફોમાંથી પસાર થઈ રહ્યો હતો. ચારે બાજુ ભ્રશ્ટાચાર, ધર્મને નામે મીથ્યાચાર, જમીનદારો અને શાહુકારોની વ્યાજખોર વૃત્તીથી દેશ ઘેરાયેલો હતો. લોકો સતત ટેન્શનને કારણે અફીણના નશામાં ઘેરાયેલા રહેતા. એકંદરે પરીસ્થીતી વીનાશ તરફ લઈ જનારી હતી.

આજે આપણા ભારતની પરીસ્થીતી તે વખતના ચીન કરતાં જરાયે સારી નથી. એક વર્ગ શ્રીમંતાઈમાં આળોટે છે, ત્યારે સમાજનો મોટો ભાગ ગરીબાઈમાં પીસાઈ રહ્યો છે. સમાજનો ચીંતાતુર વર્ગ નશાખોરી, વ્યસનો,મીથ્યાચાર તેમ જ અંધશ્રધ્ધાઓથી જકડાઈ ગયેલો છે. નકારાત્મક પ્રવૃત્તીઓ વધતાં લોકો ચોરી, લુંટફાટ, બળાત્કાર, ભ્રશ્ટાચાર વગેરે દુશણોમાં ફસાઈ ગયા છે.

ચીનને આઝાદી મળતાં અને માઓ ત્સે તુંગે નેતાગીરી સંભાળતાં સૌ પ્રથમ ધર્મને નામે થતા મીથ્યાચારો અટકાવવા ધાર્મીક પ્રવૃત્તીઓ પર પ્રતીબંધ મુકી દીધો હતો.

ભણેલા ધર્મગુરુઓ શીક્ષક બન્યા હતા. અભણને લડાઈને મોરચે મોકલી દીધા હતા. આથી ક્રીયાકાંડ, મીથ્યાચાર તેમજ અંધશ્રધ્ધાઓ બંધ થતાં પ્રજાને આરોગ્ય અને આર્થીક ક્ષેત્રે ફાયદો થયો હતો. ધર્મના નામે વેડફાતો સમય ઉપયોગમાં લેવાતાં લોકોનું આર્થીક ધોરણ સુધર્યું હતું. મંદીર-મસ્જીદોને શાળાઓ તેમજ સરકારી ઓફીસોમાં ફેરવી દીધાં હતાં. વીરોધ કરનારાઓ ઉપર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યા હતા.

જો ભારતની પરીસ્થીતી સુધારવી હોય તો તાતી જરુરત છે એક માઓ ત્સે તુંગ જેવા લોખંડી નેતાની.

સૌ પ્રથમ ધર્મના નામે ચાલતા ધતીંગો બંધ કરી દેવા જોઈએ. વ્યસનો ઉપર પ્રતીબંધ... ભ્રશ્ટાચારીઓને આકરી સજા કરવી જોઈએ. ભારતના અંદાજે એક કરોડ સાધુઓ અને ભીખારીઓ રોજગારે લાગી જતાં, ભારતને પૈસા માટે ક્યાંય ભીખ માગવા જવું નહી પડે.

માઓ ત્સે તુંગ જેવો નેતા ભારતને સત્વરે લાધો.

તણખો

તા. ૨૪મીએ જોધપુર કોર્ટનો ચુકાદો આવ્યા પછી સલમાનની બહેન અલવીરાનાં ઉદ્ગાર, “મને એમ હતું કે ખ્વાજા દરગાહમાં ભાઈ માટે જે દુઆ માંગી હતી તે સાર્થક થશે ને કોઈને કોઈ ચમત્કાર જરુર થશે. પણ મારી દુઆ સ્વીકારાઈ નહીં.” [અખબારી સમાચાર]

નીચેની અદાલત પાસે ઉપરની અદાલતનું કાંઈ ઉપજે નહી બહેન, તારા અનાડી ભાઈને પણ આ તત્ત્વજ્ઞાન સમજાવી દેજે.

રહસ્યમય રીતે ગુમ થવાના બનાવો

– અશ્વીન કારીઆ

અલ્હાબાદ હાઈકોર્ટના ન્યાયમુર્તી મુલ્લાએ આશરે બે દાયકા અગાઉ ઉત્તર પ્રદેશની પોલીસને દેશની સૌથી કાયદાવીહીન સંસ્થાની ઉપમા આપી હતી. તે સમયે તેમનાં આ ઉચ્ચારણની ગંભીરતા સમજાઈ ન હતી. વર્તમાન સમયમાં પોલીસ સામેની સૌથી મોટીફરીયાદ 'ફરીયાદ નોંધવાના ઇન્કાર' સામેની છે. નીઠારી હત્યાકાંડના બનાવ બાદ ઉત્તરપ્રદેશની પોલીસે સફાળી ઉઘ ખંખેરી નાખી જણાય છે.

આપણે સૌ જાણીએ છીએ કે ગુનાની ફરીયાદ નોંધવામાં કે ગુનો થતો અટકાવવામાં પોલીસ ઘણી નીશ્ક્રીય ભુમીકા ભજવે છે. અભીનેતા અમીતાભ બચ્ચને દુરદર્શન પરથી જાહેર કર્યું કે ઉત્તરપ્રદેશમાં હત્યાઓ થતી નથી. રાજ્યમાં બહારથી પરદેશી રોકાણો ખેંચવા માટેનો આ એક ભાડેથી યોજેલો બહુ વ્યવસ્થીત પ્રચાર–માત્ર હતો.

પોલીસ દ્વારા માનવ અધીકાર ભંગના કેસોની લોકો તેમ જ માનવ અધીકાર સમર્થકોએ નોંધ લીધી છે. સામાન્ય લોકસમજ એવી બની છે કે પોલીસ રાજકારણીઓ અથવા સત્તાધીશોના ઈશારે જ કામ કરવા ટેવાયેલી છે. ગુનાની કબુલાત માટે હવાલાત અત્યાચાર કે મૃત્યુ કોઈ રાજ્યની પોલીસનો ઈજારો નથી. કાયદા પંચે એક વખત સુચન કર્યું હતું કે પોલીસ હવાલાત દરમીયાન કાચા કામના કોઈ કેદીનું મૃત્યુ થાય તે પોલીસ સ્ટેશનનો હવાલો ધરાવતા પોલીસ અધીકારીને જવાબદાર ગણવા માટે પુરાવાના કાયદામાં સુધારો કરવો જોઈએ.

મહારાશટ્ર, ખાસ કરીને મુંબઈમાં બનાવટી એન્કાઉન્ટરો એટલા બધા થયા કે મુંબઈ હાઈકોર્ટે તેની તપાસ માટે મુંબઈની સીટી સીવીલ કોર્ટના મુખ્ય ન્યાયાધીશની નીમણુંક કરવી પડી છે. કેટલાક પોલીસ અધીકારીઓ આ માટે નીશ્ણાત ગણાય છે. (મુંબઈમાં દયા નાયક, ગુજરાતમાં ડી. પી. વણઝારા)

યુનો માનવ અધીકાર પંચના વડાએ કેટલાંક વર્શો પહેલાં આંતરરાશ્ટ્રીય માનવ અધીકાર કાયદામાં રહેલ ખામી સુધારવા સુચન કરેલ હતું. આર્જેન્ટીનાના માજી રાશ્ટ્રપ્રમુખ ચીનોચેટ પોતાના દેશના નાગરીકોને રહસ્યમય રીતે ગુમ કરવાના બનાવો માટે પ્રખ્યાત હતા. કાનુની રીતે કોઈની ધરપકડ કરવામાં આવતી ન હતી. નાગરીકને તપાસ માટે પોલીસ સ્ટેશને જવાનું આમંત્રણ મળે અને તે પછી તેના વીશે કોઈ જાણકારી મળે નહીં. કોઈ વખત એમ બને કે નાગરીકની ધરપકડ કરાયા બાદ તેને મુકત કરવામાં આવે, પરંતુ તે પોતાના ઘેર ક્યારેય પાછો ફરેલ ન હોય!

ગુનાની ફરીયાદ નોંધવામાં કે ગુનો થતો અટકાવવામાં પોલીસ ઘણી નીશ્ક્રીય છે

મુંબઈમાં ડો. યુનુસનો કીસ્સો ઘણો જાણીતો છે. હત્યા બદલ તેમની ધરપકડ કરવામાં આવી. તેમને મુંબઈથી ઔરંગાબાદ (મહારાશ્ટ્રનું જ એક શહેર) લઈ જવામાં આવ્યા અને ત્યાંથી તેમને પરત પણ લઈ આવવામાં આવ્યા. પરંતુ તેઓ મુંબઈ પોતાના ઘેર પહોંચ્યા જ નહી. અદાલતે દરમ્યાનગીરી કરતાં સરકારે એવો અહેવાલ રજુ કર્યો કે પોલીસની જીપમાંથી કુદકો મારી એ નાસી ગયો છે અને પછી ગુમ થયો છે. જ્યારે સરકારનું ધ્યાન દોરવામાં આવ્યું કે હાથકડી પહેરેલ કેદી આટલી સરળતાથી ગુમ થઈ શકે નહીં, ત્યારે સરકારે ફેરવી તોળ્યું કે તેણે આપઘાત કર્યો છે. જે તે સમયે આરોપીનો કબજો પોલીસ પાસે હતો. ડો યુનુસની હત્યા બદલ તેનો કબજો ધરાવતા પોલીસ સામે ગુનો નોંધાયો છે.

રીઓ ડી જાનેરો શહેરમાં ભીખારી બાળકોની પોલીસ હત્યા કરતી હોવાની બીના જાણીતી છે. કારણ કે આ બાળકો સુંદર શહેરની કદરૂપી નીશાનીઓ ગણાય. તેમને શક્તીશાળી નદી એમેઝોનમાં ફેંકી દેવામાં આવતા હતા. માનવ અધીકાર વર્તુળમાં પ્લાઝા ડી માયોનો કીસ્સો ખુબ ખ્યાતી પામેલો છે. છેલ્લા ૩૦ વર્શોથી બાળકો ગુમ થવાના કીસ્સાઓ બને છે અને તેમની માતાઓ રાહ જોતી અશ્રુ સારી રહી છે. ઘર આંગણે – જમ્મુ, કાશ્મીર રાજ્યમાં ગુમ થવાના બનાવો સામાન્ય છે. ૫૦૦ બાળકોને તપાસ અર્થે પોલીસ લઈ ગયા બાદ તેમનો પત્તો નથી. તેમની માતાઓએ તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી સમક્ષ દેખાવો યોજ્યા હતા.

૨૦૦૬ના વર્શ દરમ્યાન Working Group of Enforced Involuntary Disappearances નામના જુથને વીશ્વના ૧૨ દેશોમાંથી ગુમ થવાના ૩૦૦ બનાવોની માહીતી પ્રાપ્ત થઈ છે. એમનેસ્ટી ઈન્ટરનેશનલ પાસે પણ આવા બનાવોની અદ્યતન માહીતી હોતી નથી. ૧૯૮૦થી લઈને આ જુથે ગુમ થવાના ૫૧,૦૦૦ જેટલા બનાવોની તપાસ કરી હતી. પરંતુ

જ્યાંથી આ ફરીયાદો આવી હતી તે ૭૩ દેશો પાસેથી આ અંગે કોઈ ખુલાસો પ્રાપ્ત કરી શકાયો નથી.

જેમનાં સ્વજનો આ રીતે ગમ થયાં છે તે પરીવારોનાં દુઃખ, વેદના કે આક્રોશની કલ્પના કરી શકાતી નથી. યુનો માનવ અધીકાર પંચના હાઈ કમીશ્નર શ્રીમતી લાઉઝ આરબરે જાપાન અને નેપાળની મુલાકાત બાદ આવા પરીવારોના આઘાતને વાચા આપી છે. ઉત્તર કોરીઆએ ઘણા જાપાનીઓનાં અપહરણ કર્યાં છે અને નેપાળમાં માઓવાદીઓએ ઘણા નાગરીકોને બાનમાં રાખ્યા છે. યુનોને ફક્ત નેપાળમાંથી વ્યક્તીઓ ગુમ થવાની ૫૦૦ ફરીયાદો મળી છે.

International Convention for the protection of all persons from Enforced Disappearances નો મુસદ્દો ઘડવામાં ફ્રાંસે મહત્ત્વની ભુમીકા ભજવી છે. તેની જોગવાઈ પ્રમાણે કોઈ વ્યક્તીને બળજબરીપુર્વક ઉઠાવી લઈ જઈ શકાતી નથી. તેમાં યુદ્ધ, યુદ્ધની ધમકી, આંતરીક અશાંતી કે બાહ્ય આક્રમણ, એવો કોઈ અપવાદ રાખવામાં આવ્યો નથી. તેમાં દરેક રાજ્યને ગુમ થવાના બનાવને પોતાના કાયદામાં સુધારો કરી ગુનો ગણવા જણાવેલ છે. ભોગ બનેલાને માહીતીનો તેમ જ વળતરનો અધીકાર અપાયેલ છે. લાઉઝ આરબરે જણાવ્યું છે તેમ, "વીશ્વના જુદા જુદા દેશો જેટલી જલ્દીથી આ આંતરરાશ્ટ્રીય સમજુતીને માન્યતા આપશે, તેટલી જલ્દીથી માનવ સલામતીના ઉત્થાનમાં મહત્ત્વનું કદમ લેખાશે."

(જસ્ટીસ જહાંગીરદારના લેખ : The Radical Humanist જુન ૨૦૦૭ ના આધારે)

મંતવ્ય

ઈશ્વર જ સર્વ પાપનું મુળ

અભીવ્યક્તીસ્વાતંત્ર્ય મંતવ્યની પહેલી શરત છે. એ જ રીતે ખુલાસા માટે પણ અવકાશ હોય જ છે.

'વીવેકપંથી' જુલાઈમાં દીનેશ પાંચાલનો રેશનલીઝમને ઉત્તેજવા ને અંધશ્રધ્ધા નાબુદી હેતુવાળો સરસ લેખ છે. તેઓ વીવેકબુધ્ધીનો જ મહીમા કરે છે. અતઃ ધન્યવાદ, પણ છેલ્લે લખે છે કે, "ઈશ્વર પ્રત્યેની અપાર શ્રધ્ધાને પરીણામે માણસમાં પોઝીટીવ એનર્જી ઉત્પન્ન થાય છે જે સફળતા તરફ દોરી જાય છે. શ્રધ્ધાના સાયકલોજીકલ ફાયદાને હવે વીજ્ઞાન પણ સમર્થન આપે છે. શ્રધ્ધાથી માનસીક બળ વધે છે."

અહીં બે વાત અયોગ્ય છે ને સંપુર્ણ રેશનલીઝમ – વીવેકપંથી દ્વારા નકારી શકાય તેવી સ્પશ્ટ છે.

(૧) ઈશ્વર પ્રતી શ્રધ્ધાથી માણસમાં પોઝીટીવ એનર્જી (સકારાત્મક શક્તી) પેદા થાય છે. આ વીધાન સાવ જ અતાર્કીક છે. સોક્રેટીસ–એપીક્યુરસ–ડો. કોવુરથી માંડી સાંપ્રતના રમણ પાઠક ને ગુલાબભાઈ કે મારા જેવા સાવ નાસ્તીકોમાં પણ ક્યા કારણે હકારાત્મક શક્તી આવે છે ? અમે સૌ તો ૧૦૦% નાસ્તીક ને મુસ્લીમો જેને 'કાફર' કહે તેવા છીએ. માત્ર તરંગી કલ્પનાનું પાત્ર સર્જન ઈશ્વર–અલ્લા–ગોડને કારણે જ માનવજાતમાં આદીકાળથી વેરઝેર–ક્રુશેડ ધર્મયુધ્ધો થયાં છે છતાં તેવા કોઈ જ ઈશ્વરને કોઈએ જોયો જ નથી. ઈશુ પણ પોતાને પ્રભુ નહી – પ્રભુપુત્ર કહેતા ને મહંમદ પૈગંબરસાહેબ પણ પોતાને ખુદાના સંદેશવાહક કહેતા. સર્વ રીતે સાવ અસીધ્ધ–અદ્દશ્ય – માત્ર તરંગી–અવૈજ્ઞાનીક કોઈ જ ઈશ્વર નથી તો પછી તેમાં શ્રધ્ધાનો સવાલ જ નથી. અમે તો વારંવાર કહીએ કે ધર્મરુપી વીશવૃક્ષના મુળરુપ ઈશ્વરનો જ ઈન્કાર કરો – પુરા નીરીશ્વરવાદી પણ પુરા માનવ પ્રેમી – માનવવાદી બનો.

(૨) બીજો શબ્દ 'શ્રધ્ધા' છે. રમણ પાઠક અને અમારા મતે હવે સાવ ગંદો – ધર્માંધતાનું પ્રતીક બનેલો 'શ્રધ્ધા' શબ્દ જ, શબ્દકોશમાંથી કાઢો. મોરારીદાસ કથાકાર કહે છે કે, "જેમ અંધશ્રધ્ધા ખરાબ છે તેમ જ અશ્રધ્ધા પણ ખરાબ છે, માત્ર શ્રધ્ધા રાખો". સાહેબ, આ શ્રધ્ધા શબ્દનો અર્થ જ લોકો ઈશ્વરને ધર્મમાં શ્રધ્ધા = અંધશ્રધ્ધા કરે ત્યારે? આને બદલે 'વીશ્વાસ' શબ્દ જ શ્રેશ્ઠ છે. દા.ત. કાલે સુર્ય ઉગશે જ તેવો મને વીશ્વાસ છે, પણ એક રૂપીયાની પણ ટીકીટ લીધા વીના કાલે ખુદા છપ્પર ફાડીને લાખ રુપીયાનો વરસાદ કરશે તે શ્રધ્ધા = અંધશ્રધ્ધા જ છે.

છેલ્લે, આમ પણ, આપણે વીવેકપંથીઓ અતી અતી અલ્પમતીમાં છીએ ત્યારે આપણી ફરજ બને છે કે આપણે પોતે પણ રેશનલીઝમ–વીવેકબુધ્ધી તથા જીવનમાં ડગલે પગલે માત્ર વૈજ્ઞાનીક – તર્કપુત અભીગમ કેળવીએ તો જ આપણી વાત લોકો માનશે.

મારી નજરે પુરા ધર્માંધ કરતાં અધુરા રેશનલીસ્ટ ખતરનાક છે. તો આપણે સૌ દરેક ધર્માંધ વાતોનો સ્પશ્ટ નકાર કરીએ, આપણા શબ્દકોશમાંથી ધર્મ–ઈશ્વર–પાપપુણ્ય – સ્વર્ગ નર્ક– પુર્વ ને પુનર્જન્મ – જનોઈ – કથાપારાયણ ને સપ્તાહો – શ્રાધ્ધ ને તારણું – જ્યોતીશ – ફેંગશુઈ – વાસ્તુશાસ્ત્ર – ફેઈથહીલીંગ – ધ્યાનધારણા – જડ મુર્તીપુજા – મંદીર, મસ્જીદ, ચર્ચને તમામ ધાર્મીક વાતોને હજાર વાર મારી નાબુદ કરી માત્ર વૈજ્ઞાનીક જીવનદ્શ્ટી અપનાવી ૨૧મી સદીને યોગ્ય બનીએ તેવી આશા.

– પ્રો. જે . પી. મહેતા

રાધીકા એપા.ગાંધીબાગ રોડ, (મહુવા)

"આવા" નહીં, અતી ઘણા અંધશ્રધ્ધાળુ રાશ્ટ્રપ્રમુખ

વીવેકંપથીના ૬૪માં અંકમાં પ્રો. જે. પી. મહેતાને પ્રતીભા પાટીલ વીશે જે માહીતી મળી છે તે અધુરી જણાય છે. તે અહેવાલ મુજબ જો "પ્રતીભાજીને સપનામાં દાદા લેખરાજ આવતા હતા" ફક્ત એટલું જ જણાવવામાં આવ્યું હોય તો તે અહેવાલ અધુરો છે. મુંબઈથી પ્રસીધ્ધ થતા અંગ્રેજી, ગુજરાતી અખબારો મુજબ તો પ્રતીભાજીના ગુરુ દાદા લેખરાજે તેમની (દાદા લેખરાજની) એક શીશ્યાના દેહ મારફતે પ્રતીભાજી સાથે વાતો કરી અને તેમના ઉજ્જવળ ભાવી માટે આશીર્વાદ આપ્યા !

સ્વપ્નમાં પોતાના કુટુંબીજન કે મીત્ર આવે અને તેની સાથે વાતો કરી હોય એવા અનુભવથી તો પ્રખર રેશનલીસ્ટ પણ બચી ના શકે. સપનાનો રચયીતા તો અચેતન મન છે. આ કારણે જો પ્રતીભાજીને સપનામાં ગુરુજી આવ્યા હોય તો ફક્ત તે કારણે તેમને અંધશ્રધ્ધાળુ કહી ન શકાય. પરંતુ પ્રતીભાજીએ કહી દીધું કે તેમના ગુરુજીના આત્માએ તેમની સાથે વાતો કરી અને આર્શીવાદ પણ આપ્યા !

પ્રખર વીજ્ઞાની રાશ્ટ્રપ્રમુખના સ્થાને હવે પ્રખર અવીજ્ઞાની રાશ્ટ્રપ્રમુખ બીરાજમાન થયાં છે તેને શું કહેવાય? Anticlimax કે રાશ્ટ્રની કમનસીબી?

"સમયના સથવારે"ના લેખક જગદીશ શાહને રેશનલીસ્ટ કહી શકાય ?

વીવેકપંથીના ૬૪મા અંકમાં જગદીશ શાહના પુસ્તક "સમયના સથવારે"માંથી 'કમાલ છે કલામ' નીબંધ પ્રસીધ્ધ થયો પણ આ પુસ્તક પર વધારે ટીપણ તંત્રીએ કરેલ નથી. ઉત્તમભાઈ ગજ્જરે મને આ પુસ્તકની નકલ સપ્રેમ ભેટ મોકલી તે માટે તેમનો આભાર. ઘણા સમય પછી એક રસપ્રદ, વીચારપ્રેરક ગુજરાતી પુસ્તક વાંચવા મળ્યું. પુસ્તકના બધા નીબંધો ગાંધીવાદને અનુલક્ષીને રાશ્ટ્ર સમાજની સમસ્યાઓ, પ્રચલીત અનીશ્ટો પર બહુ જ બુધ્ધીગમ્ય, તર્કબધ્ધ વીચારો વ્યક્ત કર્યા છે.

ઉત્તમભાઈ ગજ્જર ઈ–મહેફીલ અને વીવેકપંથીને ઈન્ટરનેટ પર મુકીને સાહીત્ય અને રેશનલીઝમ માટે અનન્ય કહી શકાય તેવું કાર્ય કરી રહ્યા છે. તે ઉપરાંત જોડણી સુધારણાના પણ તેઓ સમર્થક અને કર્મશીલ બની રહ્યા છે. જગદીશભાઈ તથા ઉત્તમભાઈ માટે મને પ્રેમ અને આદર છે પણ આ પુસ્તકમાં લેખક જગદીશ શાહનો પરીચય આપતાં ઉત્તમભાઈએ લખ્યું છે કે તેઓ શીવામ્બુ માસીકના તંત્રી છે. નીર્ભય, સાદા, અપરીગ્રહી, સરળ, નીખાલસ અને સર્વોદયી રેશનલીસ્ટ (વીવેકબુધીવાદી) ગાંધીજન ગુજરાતનું ઘરેણું છે. રેશનલીસ્ટ (વીવેકબુધીવાદી) સીવાયના બાકીના બધા વીશેશણો તેમના માટે યોગ્ય છે. તેમના આ મંતવ્ય પરથી ત્રણ પ્રશ્નો ઉપસ્થીત થાય છે.

(૧) ગાંધીજન રેશનલીસ્ટ હોઈ શકે ?

(૨) શીવામ્બુ ઉપચારના સમર્થક જગદીશભાઈને રેશનલીસ્ટ કહી શકાય ? શીવામ્બુ સંપુર્ણપણે અવૈજ્ઞાનીક ઉપચાર પધ્ધતી છે. તેનું તંત્રીપદ સંભાળનારને રેશનલીસ્ટ કહી શકાય ?

(૩) જો જગદીશભાઈને રેશનલીસ્ટ કહી શકાય તો પછી રેશનલીસ્ટ એટલે વીવેકબુધ્ધીવાદીની વ્યાખ્યા જ બદલવી પડે. રમણભાઈ પાઠકે શીવામ્બુ ઉપચાર માટે અઘોરીવેડા શબ્દ વાપર્યો છે.

"વીવેકબુધ્ધીવાદ" શબ્દ ફેરવીચારણા માગે છે. ?

રેશનલીઝમ માટે રમણભાઈએ વીવેકબુધ્ધીવાદ શબ્દ પ્રયોજ્યો છે, તે અપવાદ બાદ કરતાં લગભગ સ્વીકૃત થઈ ગયો છે. મેં પણ વીવેકબુધ્ધી શબ્દને સ્વીકૃતી આપી દીધી છે. પણ હવે મને જણાય છે કે રેશનલીઝમ માટે વીવેકબુધ્ધી પર્યાય બરાબર બંધ બેસતો નથી. સેક્યુલરીઝમ માટે ધર્મનીરપેક્ષતા કે સર્વધર્મ સમભાવ શબ્દો પ્રયોજવામાં આવેલ છે તે

સેક્યુલરીઝમના યોગ્ય પર્યાય નથી જણાતા. સેક્યુલરીઝમનો ભાવાર્થ આ બે શબ્દોમાં બરાબર ઉપસતો નથી. તે પ્રમાણે વીવેકબુધ્ધી શબ્દમાં પણ રેશનલીઝમનો ભાવાર્થ બરાબર ઉપસતો નથી.

જો રેશનલીઝમ એટલે વીવેકબુધ્ધીવાદ એમ આપણે કહીએ તો પછી એમ કહેવું પડે કે જે રેશનલીસ્ટ નથી તેમાં વીવેકબુધ્ધી નથી. આ તારવણી તો જરા વધારે પડતી અંતીમ છેડાની ગણાય. મારાં પત્ની રેશનલીસ્ટ ન હતાં, પણ તેમનામાં વીવેકબુધ્ધી ન હતી એમ તો હું કહી ન શકું. ધાર્મીક સીવાયની અન્ય બાબતોમાં તેમનું વલણ વીવેકબુધ્ધીભર્યું જણાતું હતું. કેટલાક પ્રસંગોમાં તો તેમનું વલણ મારા કરતાં પણ વધારે વીવેકબુધ્ધીવાળું જણાતું હતું. રસ્તા પર માલ સામાન વેચનાર પણ વેચાણ માટે કયું સ્થાન પસંદ કરવું તેમાં વીવેકબુધ્ધી વાપરે છે. નગીનદાસ સંઘવીએ તેથી આગળ વધીને કહ્યું છે કે કુતરામાં પણ વીવેકબુધ્ધી હોય છે.

રેશનલીઝમને અંગ્રેજી જોડણી કોશમાં આ પ્રમાણે સમજાવવામાં આવેલ છે. 'The principle and practice of accepting reason as the only source of knowledge and the only base for forming one's opinion, beliefs or course of action.' રેશનલીઝમની આ વ્યાખ્યામાં પાયાનો શબ્દ-ચાવીરુપ શબ્દ reason છે. reason એટલે કારણ અથવા તર્ક. જે વીચારસરણી શ્રધ્ધા કે ભાવના પર આધારીત ન હોય પણ ફક્ત બુધ્ધી અને તર્ક પર આધારીત હોય તેને રેશનલીઝમ કહી શકાય. આ કારણે રેશનલીઝમ માટે બુધ્ધીતર્કવાદ કે કાર્યકારણવાદ વધારે યોગ્ય જણાતા નથી?

રેશનલીસ્ટ અને રેશનલ વચ્ચે સુક્ષ્મ ભેદ છે કે નહીં તે વીશે વીવેકપંથીમાં ચર્ચા થઈ ગઈ છે. જગદીશ શાહના પુસ્તકમાં વ્યક્ત થયેલા તેમના નીબંધો પરથી એમ તો કહી શકાય કે તેમના વીચારો અમુક વીશયોમાં રેશનલ છે, અન્ય વીશયોમાં તેઓ રેશનલ નહીં હોય.

– લક્ષ્મીદાસ ખટાઉ

૨૧, સુબોધ ગુરુ, ટાગોર રોડ, સાંતાક્રુઝ (૫), મુંબઈ-૫૪

નર્મદા અભીયાન પ્રકાશીત

પ્રજાકીય પુર તપાસ સમીતી (ગુજરાત-૨૦૦૬)નો અહેવાલ

ઓગસ્ટ ૨૦૦૬માં સુરત સહીત રાજ્યભરમાં આવેલ પુર માટે માનવીય ભુલ અને વહીવટીતંત્રની ઘોર નીશ્ફળતા જવાબદાર છે. જો ઉકાઈ ડેમમાંથી પાણી વહેવું છોડાયું હોત તો સુરતની પુર હોનારત મહ્દઅંશે ટાળી શકાઈ હોત. સુરત ઉપરાંત વડોદરા, પંચમહાલ, દાહોદ, આણંદ ખેડા અને બનાસકાંઠા જીલ્લામાં ગત વર્શે થયેલ પુર હોનારતની તપાસ માટે નર્મદા અભીયાન અને ગુજરાત સર્વોદય મંડળ દ્વારા પ્રજાકીય પુર તપાસ સમીતી (ગુજરાત ૨૦૦૬) ની નીમણુંક જસ્ટીસ (નીવૃત્ત) આર. એ. મહેતાના અધ્યક્ષસ્થાને કરી હતી.

નર્મદા અભીયાન અને ગુજરાત સર્વોદયમંડળના સંયુક્ત અભીક્રમથી આ પુર હોનારતમાં ખરેખર શું થયું, લોકોએ એનો સામનો કઈ રીતે કર્યો, એ કયા કારણોસર આવી અને નીવારી શકાય એમ હતી કે નહી, તે અંગે નીશ્પક્ષ તપાસ કરીને પોતાનો અહેવાલ ગુજરાતી પ્રજા સમક્ષ મુકવાનો હતો. આ સમીતીએ ભવીશ્યમાં આવી હોનારતો નહીં થાય તે માટે શું કરવાની જરુર છે તે અંગે ભલામણો પણ આપવાની હતી. આ સવાલો વીશે પુરથી અસર પામેલા લોકો શું વીચારે છે એની જાણકારી મેળવવા સમીતીએ જાહેર સુનવણીઓ યોજવાનો માર્ગ અપનાવ્યો હતો તે મુજબ સુરત, વ્યારા, બોરસદ, તારાપુર, ડીસા, ધોળકા અને વડોદરા ખાતે જાહેર સુનાવણીઓ યોજવામાં આવી. આ સુનવણીઓને લોકોનો બહુ સારો પ્રતીસાદ અને કુલ ૩૦૦૦ કરતા પણ વધારે લોકોએ સમીતી સમક્ષ હાજર રહીને વ્યક્તીગત કે સામુહીક રજુઆત અને ૩૯૩ જેટલી લેખીત રજુઆતો થઈ.

આ અહેવાલ તૈયાર થઈ ગયો છે અને પ્રજા સમક્ષ મુકાયો છે. ૨૬૦ પાનાંનો દળદાર અહેવાલ મેળવવા માટે સ્વૈચ્છીક ફાળો રુ.૧૦૦ નક્કી કરવામાં આવ્યો છે. ગુજરાતી કે અંગ્રેજી નકલ માટે અભીયાનના મંત્રી ગૌતમ ઠાકર, ૪, સન્મીત્ર સોસાયટી, મલાવ તળાવ પાસે, જીવરાજપાર્ક, અમદાવાદ-૩૮૦ ૦૫૧ના સરનામે રુ. ૧૦૦ મોકલીને અહેવાલ મેળવી શકાશે.

'વીવેકપંથી'ને આ દળદાર અને દમદાર અહેવાલ મળ્યો છે, જેનો સાભાર સ્વીકાર છે.

વીચીત્ર વૃત્તાંતો

સં. જયદેવ ત્રીવેદી – એડવોકેટ

આવું પણ થાય

બેરોજગાર યુવાનવર્ગ ડીપ્રેશનમાં સરી ન પડે એ ખાતર જ્યાં પણ નોકરીની તક આવતી હોય ત્યાં તેઓની ભલામણ કરવાની મનોવૃત્તી હોય છે પણ થોડાક સમય પછી ખબર પડે છે કે આ કુપાત્રને દાન થયું છે.

મીરારોડના સાવ અજાણ્યા પ્રૌઢ ભાઈને એક નાની પત્રીકાના કામકાજ માટે નોકરીએ રખાવ્યા, પણ મહીના બાદ એ ભાઈ જાણે ટ્રસ્ટના કાયદાના અને ગૌશાળાના મોટા વહીવટકર્તા હોય એમ ટ્રસ્ટીઓની નીંદા કરવા લાગ્યા. થોડાક દીવસો પછી ખબર પડી કે એ ભાઈએ એ સંસ્થાનું 'કરી' નાખ્યું હતું અને ગોટાળો કરી રવાના થયા હતા.

★

એરપોર્ટ પર ઉતરતી કોમના ૩–૪ ભાઈઓને 'હેલ્પર'ની નોકરી મળી. ઓળખાણપત્ર જોઈતો હતો. દયા ખાઈ લખી આપ્યો. થોડાક મહીના પછી ખબર પડી કે તેઓ સ્ક્રુડ્રાઈવરથી બેગોની ચેઈનો ખોલી મુસાફરોનો માલ તફડાવતા હતા. કેમેરામાં પકડાયા, ધરપકડ થઈ, નોકરી ગઈ.

★

એક વૃધ્ધ દેશી હીસાબના જાણકાર એક ચણીયાચોળીના મોટા નીર્માતાને ત્યાં ઓછા પગારે નોકરીમાં રહ્યા.

ધંધાની 'કાળી' આવક જાણી લીધી પછી રૂા. ૩૦ હજારની શેઠીયા પાસે લોન માંગી. શેઠીયાએ આપી નહીં. ઈન્કમટેક્ષમાં મેટર જણાવી ૪૦–૫૦ લાખની બ્લેકની આવક ખુલ્લી પાડી, પોતે ખબરી તરીકે કમીશન ખાધું.

ઘણી ખરી તાડપત્રીઓની મોટી દુકાનોમાં તેઓ એમની 'સેવા' આપી ચુકયા છે અને પોતાને નોકરીમાં રાખનારાને હંમેશાં કડવો અનુભવ કરાવે છે.

પાસપોર્ટબાબા દરગાહ

વર્શો પહેલાં હઝરત મીસ્કીન શાહ લાહોરથી જમશેદપુર આવ્યા હતા, જેમનું અવસાન ૧૯૩૪માં થયું હતું. આ બાબાની દરગાહ પાસપોર્ટબાબા દરગાહ તરીકે ઓળખાય છે. દરગાહ બારેદીહ કાલુ બાગાન કબ્રસ્તાનમાં આવેલી છે. આ દરગાહ પર અખાતના રાશ્ટ્રોમાં નોકરી માટે જવા ઈચ્છતા તમામ કોમના લોકો પોતાના પાસપોર્ટની ઝેરોક્ષ કોપી લટકાવે છે. માન્યતા એવી છે કે એમ કરવાથી એ લોકોને નોકરી મળી જ જાય છે.

નવાઈ તો એ છે કે અખાતની કેટલીક કંપનીઓ પણ આ લટકતા પાસપોર્ટવાળાઓને નોકરીઓ આપતી હોય છે. આવા લોકોને નોકરીએ રાખવા એ પુણ્ય કાર્ય ગણાતું હોઈને એવા મોટા ભાગના લોકોને નોકરીઓ મળી જ જતી હોય છે.

જેઓ રુબરુ જઈ શકતા નથી તેઓ ટપાલથી દરગાહના પીરને પાસપોર્ટની ઝેરોક્ષ મોકલી આપે છે, જેને ઝાડ ઉપર લટકાવવામાં આવે છે.

મહીલા એજન્ટો દ્વારા છેતરપીંડી

મેડીકલેઈમ પોલીસીમાં એજન્ટો સામુહીક મેડીકલેઈમના નામે પોતાના નામે ચેકો વસુલ કરી લાંબો વખત સુધી વીમા કંપનીને રકમ ભરતા નથી અને પરીણામે પોલીસી રદ થાય છે અને પોલીસીધારક સાથે છેતરપીંડી પણ થાય છે.

આ જ રીતે પોસ્ટમાં ડીપોઝીટ સ્કીમમાં એજન્ટો ડીપોઝીટરો પાસેથી રોકડ લઈ લે છે અને ભરતા નથી. કેટલાક લુચ્ચા એજન્ટો સહીના નમુનાના નામે વીડ્રોઅલ સ્લીપ પર સહી લઈ રાખી, વખત આવ્યે દુરુપયોગ કરે છે.

આવી ફાંદાબાજીઓમાં મહીલા એજન્ટો અગ્રસ્તાને છે.

ગોરેગામ તથા મુલુંડમાં તાજેતરમાં પોસ્ટખાતામાં એજન્ટો મારફતે રુપીયા ગુમાવ્યાના સમાચારો છપાયા હતા. થોડોક સમય બચાવવા જતાં બધું જ ગુમાવવાનો વખત આવે છે.

નાલાસોપારામાં કપોળ જ્ઞાતીના કેટલાક પરીવારો સામુહીક મેડીકલેમના નામે સારી એવી રકમમાં છેતરાઈ ગયા છે.

સાંઈબાબાના નામે ત્રણ કે છ મહીનામાં ડબલ કરી આપનારી સ્કીમો હજી અટકતી નથી. લેભાગુઓને આપવામાં શ્રધ્ધા રાખો અને રકમ પાછી મેળવવા વર્શોના વર્શો લગી સબુરી રાખો. કાયદો એક પણ રુપીયો પાછો અપાવી શકતો નથી અને પોલીસતંત્ર તો સાવ

નપાવટ છે. તેઓ તો ગુનેગારને સાથ આપી ફરીયાદીને ઠંડે પાણીએ નવડાવે છે.

કરોડો રુપીયાની મીલ્કત જપ્ત હોવા છતાં ડીપોઝીટરોને વર્શોના વર્શો સુધી મુળ રકમ પણ ન્યાયતીંત્ર કે પોલીસખાતું પાછું અપાવી શક્યું નથી. લેન્ડગ્રેબીંગ કરી મોટાં માથાંઓ સાંઇબાબાના મંદીરો ઉભા કરી રોજે રોજની રોકડી કરે છે.

– રેણુકા ત્રીવેદી

મુર્તીમાંથી અમીઝરણાં

તા. ૫–૮–૨૦૦૭ના ગુજરાત સમાચારના વૃતાંત પ્રમાણે પાળીયાદમાં આવેલા જૈન દેરાસરમાં શાંતીનાથ દાદાની મુર્તીમાંથી અમીઝરણાં થતાં ભાવીકો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટી પડયા હતા.

પાળીયાદમાં શ્વેતાંબર મુર્તીપુજક સંઘમાં બીરાજમાન પ્રભાસુર્ય મહારાજ સાહેબ – આદી ઠાણા –૬ ત્યારે ચાતુર્માસ ગાળી રહ્યા હતા. આ જૈન દેરાસરમાં આવેલી શાંતીનાથ દાદાની મુર્તીમાંથી અમીઝરણાં ચાલુ થયાં હતાં. મુળનાયક શાંતીનાથ દાદાની સો વર્શની સાલગીરીની ઉજવણી હોઇને આને શુભસંકેત ગણવમાં આવ્યો હતો.

હવે આ ઘટનાનું વૈજ્ઞાનીક સીધ્ધીંત પ્રમાણે પૃથક્કપણ કરીએ.

જૈન દેરાસરોમાંથી દીવાલોમાંથી ક્યારેક ક્યારેક પાણીનાં ઝરણાં વહેતાં જોવામાં આવે છે, જેને પણ અમી ઝરણાં કહેવામાં આવે છે. દેરાસરની આરસપહાણની દીવાલો પર સુકો બરફ ઘસી ઘસીને દીવાલોને ઠંડી કરી દેવામાં આવે છે. બરફ સુકો કરવા માટે તેને કાર્બન ડાયોકસાઇડથી થીજવી દેવામાં આવે છે, જેનું ઉશ્ણતામાન શુન્ય ડીગ્રી સેન્ટીગ્રેડ કરતાં પણ ઘણું નીચું થઇ જાય છે. આઇસ્ક્રીમ સાચવવા માટે પણ એવો ઠંડો સુકો બરફ વપરાય છે.

આવા બરફને પથ્થર પર ઘસવાથી ભેજનાં ટીપાં બાઝે છે અને જળના રેલા પણ થાય છે. લોકો આને અમીઝરણાં માનીને ઉમટી પડે છે. આમ ઉમટી પડેલા લોકોના શ્વાસોશ્વાસની ગરમીથી વરાળના પાણી બહાર આવે છે. આમાં ચમત્કાર જેવું કંઇ જ નથી.

દાખલા તરીકે જો દીવાલો પર પહેલાં હળદરનું પોતું ફેરવી દીધું હોય તો અમીઝરણાં પીળા રંગનાં થશે. આવી જ તરકીબ દ્વારા આરસપહાણની મુર્તીની આંખમાંથી આંસુ પણ પાડી શકાય છે.

પ્રેશક **અરવીંદ ચૌહાણ** – ભાવનગર
['વહેમ–અંધશ્રધ્ધા' પુસ્તકમાંથી]

જાથા ની કાર્યક્રમશૃંખલા

નવેમ્બરમાં ઉલ્કાવર્શા નીહાળી શકાશે

રાજકોટના અંકુર વીદ્યાલયમાં ઉલ્કાવર્શા અંગે એક પરીસંવાદ યોજવામાં આવ્યો હતો, જેમાં જાથાના રાજ્યપ્રમુખ જયંત પંડયાએ ઉલ્કા વીશેની સંપુર્ણ–વીસ્તૃત માહીતી વીદ્યાર્થીઓને આપી હતી. પ્રશ્નોત્તરીમાં એનેક વીદ્યાર્થીઓએ જીજ્ઞાસપોશાક પ્રશ્નો પુછીને સમાધાન મેળવ્યું હતું. આગામી નવેમ્બરની ૧૪ થી ૨૦ તારીખોમાં ઉલ્કાવર્શા સ્પશ્ટ જોઇ શકાય તે રીતે થશે તેવી આગાહી પણ પરીસંવાદમાં કરવામાં આવી હતી.

★

જામનગર –કાલાવડના શીશાંગ ગામે

ઉપર લખ્યા ગામે જગાબાપા (જગદીશ મગન ઘરડુશીયા) ઘણા વર્શોથી મેલી વીદ્યાના પ્રયોગોથી 'લોકોના દુખદર્દ દુર કરતા હતા' નામ ના આપવાની શરતે ભોગ બનેલી એક મહીલા અને તેના પરીવારે જાથાનો સંપર્ક કર્યો. બનાવની વીગત પ્રમાણે મહીલા એકલી શીશાંચ પહોંચી ગઇ હતી, જ્યારે ચાર શખ્શોએ એના પર બળાત્કાર કર્યો હતો અને બાઇને રાત્રે ને રાત્રે રાજકોટના કીશાનપરા ચોકમાં છોડી દીધી હતી.

પોલીસ ફરીયાદ ના થાય એ શરતે બાઇના પતીએ જાથાને ફરીયાદ કરી અને પોલીસની સહાયથી જાથાએ જગાબાપાને પકડી પાડી તેની પાસે વીડીયોગ્રાફીમાં માફી મંગાવી હવેથી એવાં કામાં નહીં કરે તેવી બાંહેધરી લીધી. માહીતી ગુપ્ત રાખવા માટે પીડીત પરીવારે જાથાનો આભાર માન્યો.

★

તાંત્રીક ત્રીપુટીની ઘરપકડ

મોરબીમાં એક રાજસ્થાની તાંત્રીક ત્રીપુટી જ્યોતીશ, વશીકરણ વગેરે ડીંડકો સરાજાહેર ચલાવીને ભોળા લોકોને ફસાવી, રુ. ૫૦૦ થી ૩૧૦૦૦ સુધીની ફી વસુલ કરતી હતી. અચરજ તો એ વાતનું કે એ લોકો સ્થાનીક અખબારો અને કેબલ ટીવી પર જાહેર ખબરો પણ આપતા હતા. જાથાને ફરીયાદ થતાં

બનાવટી ગ્રાહક મોકલીને છટકું ગોઠવી પોલીસની મદદથી ત્રીપુટીની ધરપકડ કરાવી,છેતરાનારા ઘણા લોકોના પૈસા પણ પાછા અપાવ્યા હતા.

★

ચમત્કારોથી ચેતો

જસદણના જય માતાજી જીવદયા ટ્રસ્ટના ઉપક્રમે જાથાનો 'ચમત્કારોથી ચેતો' કાર્યક્રમ સફળતાપુર્વક પાર પડયો હતો. પ્રસંગ પરની ચર્ચામાં (૧) જન્મતાની સાથે જ કુટુંબનો ધર્મ ઠોકી બેસાડવો જોઈએ નહી. (૨) શ્રધ્ધા ભક્તીના નામે માણસજાતને ભારોભાર નુકસાન થાય છે, (૩) કાળું નાણું ધોળું કરી આપનારાથી ચેતો, (૪) ભુત પ્રેત, જીન્નાત, મામા સરકારનું અસ્તીત્વ જ નથી, (૫) મંત્ર તંત્રથી ભુંજ્યો પાપડ પણ ભાંગતો નથી વગેરે વીશયોની વીસ્તૃત સમજણ મેળવવા વીશાળ જનમેદની ઉમટી હતી.

★

રુપપુરમાં કાન્તી ભુવાનો પર્દાફાસ

પાટણ જીલ્લાના ચાણસ્મા તાલુકાના રુપપુર ગામે છેલ્લા વીસ વર્શથી ભુવો કાન્તીલાલ આ જાતના પ્રયોગો કરી લોકોને છેતરી રુપીયા ખંખેરતો હતો; (૧) મંત્રેલા પાણીથી લોકોના દુખદર્દ દુર કરવાં, (૨) ઘઉના દાણા આપી રુખ જોવી, (૩) મુળો મુકી ઘરની સ્થીતીનો ક્યાસ કાઢી રુપીયા ખંખેરવા, (૪) માતાની આજ્ઞાના નામે લોકોને રવીવાર– પુનમ ભરવાના, બાધા રાખવાના, ચકકરમાં ફસાવવા, (૫) ધુણીને ઘરનાં લોકો વચ્ચે વહેમ ઘાલી કંકાસ કરાવવા વગેરે.

આ ભુવાએ ૨૦૦ મહીલાઓને બરબાદ કરી હતી અને સ્ત્રીઓનાં અંગો દબાવવાનો એ શોખીન હતો. જાથાએ એની આ પાપલીલા ઉઘાડી પાડીને કાયમી ધોરણે બંધ કરાવી હતી.

★

કાળાં નાણાંના કેન્દ્ર સમાન સંતો

જાથાએ કલેકટરોને આવેદન પત્ર આપીને જે સંતોનો ટીવી પર બહોળો પ્રચાર હોય છે અને ધર્મના નામે લોકોનાં કાળાં નાણાં મેળવી ધોળાં કરી આપતા હોય છે તેવા જાહેર સંતોના કરતુતોના પુરાવા ટીવી ચેનલો પાસેથી મેળવીને તેમને નસીયત પહોંચાડવાની અપીલ કરી છે.

આવેદન પત્રમાં તેવા સંતો તરીકે કીરીટ મહારાજ, વેદાંતી મહારાજ, પાયલોટ બાબા, સ્વામી પ્રેમાનંદ, ગુરવયુર તંબુદરી મહારાજ સહીત ડઝનબંધ સંતોનાં તથા તેમના કમીશન એજન્ટોનાં નામો પણ આપવામાં આવ્યાં છે.

★

સુર્યની આસપાસના વલય

તા. ૯મી જુને દીવસના સમયે સુર્યની આસપાસ વલય જોવા મળતાં કેટલાક લોકોએ ખોટી અફવા ફેલાવી એને જ્યોતીશને લગતી એક અલૌકીક ઘટનામાં ખપાવવાનો પ્રયત્ન કર્યો હતો. જાથાના જયંત પંડયા અને એન્જીનીયર અમીયલ બાદીની ટીમે આની સામે લોકોને સાચી સમજણ આપી હતી.

અહીં લખ્યા વહેમો જેવા કે, શનીવાર ચીકણોવાર, રાત્રે નખ ના કપાય, દહીં, દુધ, ઘી ઢોળાય તો અપશુકન, સાંજે સંજવારી ના કઢાય, સાંવરણીથી મીઠું ના વળાય, દુધવાળો સામો મળે તો અપશુકન, સારા પ્રસંગે ખીચડી ના કરાય, ગરોડી અંગે ચડે તો ચડતી થાય, બીલાડી આડી ઉતરે તો અપશુકન, ડાબું કે જમણું અંગ ફરકે તો અપશુકન, છીંક આવે તો અપશુકન, વીધવા સામી મળે તો અપશુકન વગેરે જન–સામાન્યના મનમાં ઘર કરી ગયાં હોય છે અને તેવા વહેમોનો ભોગ બની લોકો નાહક પરીતાપ ભોગવતા હોય છે. જાથા આવા વહેમોથી છુટકારો મેળવવાના પ્રયોગો કરતું રહે છે.

★

કૌટુંબીક તરકટ

મોરબી અનંતનગરમાં (૧) સસરા ઘનજીભાઈ દેવજી હડીયલ, (૨) જમાઈ વીનુભાઈ કાનજી પરમાર અને (૩) પુત્રવધુ, ભુઈમાં શીલ્પા હડીયલની ત્રીપુટીએ માધાપરમાં રહેતા અમરસી મોહન પરમારની માતાને ડાકણ ઠેરવી દઈને પજવણી ચાલુ કરી હતી. શીલ્પાએ અંગમાં માતાજી લાવીને ધુંણતાં ધુંણતાં જ એવી જાહેરાત કરી હતી, જેથી લોકોને વીશ્વાસ બેસે.

માધાપરના અમરસીભાઈની ફરીયાદ પરથી જાથાએ પોલીસની સહાયથી ત્રીપુટીને પકડીને તેના ગોરખધંધા બંધ કરાવ્યા હતા, જેમાં કૌટુંબીક તરકટ જણાઈ આવ્યું હતું.

★

બાળકોને જાતીય શીક્ષણ જરુરી

ભારત વીકાસ પરીશદ તથા પ્રેસ કલબ–ધનેરાના ઉપક્રમે 'ચમત્કારોથી ચેતો' કાર્યક્રમ યોજાયો હતો. જયંત પંડયાએ કહ્યું હતું, 'મહેનત કર્યા વીના જેમણે પ્રગતી સાધવી હોય છે તે જ જ્યોતીશને શરણે જાય છે'.

જુદા જુદા ચમત્કારોના પ્રયોગો બતાવ્યા બાદ પાલનપુરમાં જાથાની શાખા ખોલવાનો નીર્ણય લેવામાં આવ્યો હતો.

★

પાણીમાં દીવા

રાજકોટથી કુવાડવા જતા માર્ગે સાત હનુમાન મંદીર પાસે નકારાવાડી ગામના પાદરમાં આવેલા એક ૧૦ ફુટ ઉંડા ખાડામાં એકાએક સ્વયંભુ પાણીનો જથ્થો આવી જતાં તેમાં ચમત્કારી દીવા પ્રગટયાના બનાવે કુતુહલ ઉભું કરતાં જાત નીરીક્ષણ કરી જાથાએ સરકારી તંત્રની મદદથી સાબીત કરી આપ્યું હતું કે ભુસ્તરીય હલનચલનથી ભુગર્ભ જળની સપાટી ઉપર આવી હોવાના કારણે ખાડો નીચે ઢાળમાં હોવાથી પોલાણની જગ્યામાંથી પાણી બહાર આવ્યું હતું. એમાં ચમત્કાર જેવું કંઈ જ નહોતું

★

નખત્રાણાનો ભીશ્મ ?

સાયકલ અને સ્કુટરના પંકચર સાંધી રીપેરંગનું કામ કરતા જીતેશ પ્રવીણ ત્રીપાઠીને પોતાના સસરાનો પુજારી પાઠ આકર્શી ગયો અને પોતે પુજારી બનીને લોકોના દુખદર્દ દોરાધાગાથી દુર કરવા લાગ્યો. અનેક લોકોને એણે ખાડામાં ઉતાર્યા. ફરીયાદ મળતાં જાથાએ ખરાઈ કરતાં કલ્યાણપર સહીત આસપાસના અનેક ગ્રામજનોએ ફરીયાદ સાચી હોવાનું કબુલ્યું. આ જીતેશકુમાર કળીયુગનો ભીશ્મ બનીને બાણશૈયા પર સુવાના પ્રયોગ બતાવીને પણ લોકોને ભરમાવતો હતો. નોમના દીવસે એના અંગમાં માતાજી પણ આવતા હતા. જાથાએ આ બધા ધતીંગો ખુલ્લા પાડીને બંધ કરાવ્યા.

★

અખબારો સવીસ્તર નોંધ લે છે

ગુજરાતના અખબારો જાથા કાર્યક્રમોની કેવી વીસ્તૃત નોંધ લે છે તે દર્શાવવા જાથાએ 'વીવેકપંથીને 'દીવ્ય દ્રશ્ટી'ના તા. ૨૭-૫- અને ૧૦-૬ના બે અંકોમાં છપાયેલા સમાચારોની ઝેરોક્ષ મોકલી છે, જે દરેકમાં ૮ કોલમ ૨૦ સેન્ટીમીટરમાં જાથાના વીસ્તૃત અને સચીત્ર અહેવાલ પથરાયેલા છે.

★

તાંત્રીકની હવસ

બનાસકાંઠાના દાંતા પાસેના પંકજપુરના તાંત્રીક મહેશ પુંજીરામ પાંચાલે અલીગઢની યુવતી નયનાને ભગાડી જતાં પાલનપુર પાટીદાર સમાજ તથા અમદાવાદ સાબરમતી પોલીસ સ્ટેશનના સહયોગથી જાથાએ પર્દાફાસ કર્યો હતો.

પોતાની દીકરી નયના માનસીક બીમાર હોઈ ડોક્ટર પાસે જવાને બદલે માતા નયનાએ ભુવા-ભારાડી, જ્યોતીશ અને તાંત્રીકોનો આશરો લઈ આર્થીક ખુવારી વહોરી કુટુંબને ત્રણ લાખનાં ખાડામાં ઉતારી દીધું હતું. છેવટના ભુવા તરીકે એ મહેશ પાંચાલને શરણે ગઈ હતી, જેણે બંધબારણે 'ગુપ્ત પ્રયોગો'દ્વારા નયનાને પોતાના મોહપાશમાં ફસાવી અંતે ભગાડી હતી.

પાલનપુર પાટીદાર સમાજના અગ્રણીઓએ ફરીયાદ કરતાં જાથાએ મહેશના ઘરની મુલાકાત લીધી હતી, જ્યાં તેની પત્નીએ જ પોતાની બરબાદીની ફરીયાદ કરી હતી. સમાજના ૨૦ યુવાનો ભુવાને પકડી પાડવા કટીબધ્ધ થતાં ફરારી ભુવાએ ધમકી આપી હતી કે, 'આગળ આવનારને ત્યાંને ત્યાં બાળીને ભશ્મ કરી નાખીશ.'

જાથાએ પોલીસની મદદથી ઉભયને પકડી પાડી સાબરમતી પોલીસને હવાલે કરી દીધા હતા. જાથાનો આ ૬૩૧મો પ્રયોગ હતો.

★

રીયા પ્રકરણ

રાજકોટની રીયા લગ્ન બાદ અવારનવાર હવેલીએ જતી હતી. એક વખત નજર બગડતાં વ્રજેશ બાવાએ તેને એકાંતમાં બોલાવી હતી. રીયાએ આ વાત તેના પતી અને સાસુ-સસરાને કરી, પણ કોઈએ એની ગંભીર નોંધ લીધી નહી, કારણમાં વ્રજેશબાપા પરની શ્રદ્ધા. બ્રહ્મસંબંધ માટે એક જ વસ્ત્ર પહેરીને ભીના કપડે બાવા સમક્ષ ઉપસ્થીત થવા રીયાને જણાવવામાં આવ્યું, પણ રીયાએ ઈન્કાર કર્યો અને એ વાતે ઘરમાં ઉચાટ ચાલુ થયો. પતી વીમલને બાવો અને માબાપ જે કહે તે જ માન્ય હતું. આમ તીરાડ પડતાં અલગ થઈ જવાનો વારો આવ્યો. પરીવારની પહોંચ અને બાવાની વગને કારણે અદાલતમાં એકપક્ષી છુટ્ટાછેડા મળી ગયા - રીયા એ સમયે પરદેશ હતી.

આ તરફ વીમલની સગાઈની વાતચીત ચાલતી હોવાની જાણ થતાં રીયા સ્વદેશ આવી, સીધી સાસરે પહોંચી તો એને પ્રવેશ ના મળ્યો; ઉલ્ટું પોલીસ બોલાવી એની ધરપકડ કરાવવામાં આવી: રીયા પોલીસ કમીશનર અને પ્રસાર માધ્યમો પાસે પહોંચી ગઈ અને તેના સાસરીયા સહીત વ્રજેશબાવા સામે ગુનો દાખલ થયો.

આ પ્રસંગને ઉજાગર કરીને જાથા લોકોને ચેતવે છે કે તેઓ આવી અંધ-ભકતીના ભોગ ના બને.

જાથાના સહકાર માટે સંપર્ક : ભારત જનવીજ્ઞાન જાથા, જાથા ભવન, ૪, ભીલવાસ, જનસત્તા પ્રેસ ચોક પાસે, રાજકોટ - ૩૬૦૦૦૧ ફોન મોબાઈલ : ૯૮ ૨૫ ૨૧ ૬૬ ૮૯.

ચમકારો

સુંદરતા કે સભી પુજારી ! ?

આજે મંદીરોને અઢળક કમાણી છે. ભારતમાં પથ્થરની મુર્તીઓના ભગવાન અગર તેના ટ્રસ્ટીઓ સૌથી વધારે પૈસાદાર છે. ધરમ એક ધંધો છે. નવેમ્બર ૧૯૮૩માં આવકવેરાના દરોડા એક મંદીરના પુજારીને ઘેર પડયા તો રોકડ રકમ, હીરા, ઝવેરાત ઉપરાંત પોર્નોગાફીક સાહીત્ય પણ મળેલું. પુજારી નવરાશમાં રાત્રે એકલા એકલા નગ્ન તસ્વીરો પણ જોઈ લેતા.

– કાન્તી ભટ્ટ (તા.૧૪–૮–૨૦૦૭, દીવ્ય ભાસ્કર)

પ્રભુજીને પડદામાં અને આત્માને ઓઝલમાં રાખવા એ પણ પુજારી ધર્મ હશે !

ડો. લંબાણવાલાનું પ્રવચન ચાલુ હતું જે પુરું થવાનું નામ જ નહોતું લેતું. શ્રોતાગણમાં બેઠેલા એક શ્રોતાએ પડખેવાળાને કહ્યું, "યાર, આનું ભાશણ બંધ કરાવવાનો કોઈ રસ્તો ખરો ? ક્યારનો બોર કરે છે."

"હમણા જ કરાવી દઉ" કહેતાં પડખેવાળાએ એક કાપલી લખીને ડો. લંબાણવાળા સુધી પહોંચાડી, જે વાંચતાંવેંત જ એમણે ભાશણ પુરું કરતાં બેસી જવાની રજા માંગી. સભામાં ઉત્સાહથી તાળીઓનો ગડગડાટ થયો.

કાપલી મોકલનારને પુછવામાં આવ્યું,"એવું તે કાપલીમાં તમે શું લખ્યું હતું કે એકાએક ભાશણ પુરું થઈ જાય?"

"ખાસ કંઈ નહી. મેં માત્ર એટલું જ લખ્યું હતું કે તમારા પેન્ટની ચેન ખુલી ગઈ છે."

★

પતી–પત્ની તરીકેના અમારા વ્યવહારમાં વાંધો પડે ત્યારે છેલ્લું વાક્ય મારું જ હોય છે, જે એણે સ્વીકારવું પડે છે."

"અરે વાહ ! એવું તે ક્યું વાક્ય હોય છે તારું ?"

"જેવી તારી મરજી."

ભાવી સસરા : તમે એકલા જીવ છો અને મારી દીકરી સાથે લગ્ન કરવા તૈયાર છો એ જાણીને આનંદ થયો, પણ પરીવારનો ખર્ચ ઉપાડવા જેટલી તમારી આવક છે ?

ભાવી જમાઈ: જરુર, જરુર. મારો પગાર ચાલીસ હજાર રુપીયા છે અને કંપનીએ બંગલો તથા મોટર પણ આપ્યાં છે.

ભાવી સસરા: બસ, તો કરો લગ્નની તૈયારી; પાંચ માણસના અમારા પરીવારને પોશવા તમારા જેવા પહોંચતા પામતા ઉમેદવારની જ અમને ખોજ હતી.

★

"**જો** બેટા, તારાં લગ્નની તૈયારી થઈ રહી છે, ત્યારે મારે તને એક કીંમતી શીખામણ આપવાની છે. તારા વરને કઈ કઈ વાનગીઓ વધુ ભાવે છે એ તારે હવે તરત જ જાણી લેવું જોઈએ."

"મમ્મી, તું ફીકર ના કર. એ તો મેં કયારનુંય જાણી લીધું છે. વધુમાં તે તે વાનગીઓ કઈ કઈ હોટલોમાં સારી મળે છે તે પણ મેં જાણી લીધું છે."

★

PRINTED BOOK

To,

From :

વીવેકપંથી

C/o. Gulab Bheda
2-C/1, Asmita Mogra,
Datta Jagdamba Marg,
Sher-E-Punjab Colony,
Andheri (East),
Mumbai - 400 093.

Printed by REAL PRINT SERVICES, Fort, Mumbai - 400001. • Cell : 93237 31040